Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ગુર્જરપતિ મહારાજા કુમારપાળને પ્રતિબોધ આપતા શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય
જેઓશ્રીની જયન્તી કા. શુ. પૂર્ણિમાના દિવસે સ્થળે સ્થળે ઉજવવામાં આવી હતી.

સંવત ૧૯૯૬ પુસ્તક ૩૭ મું.
કાર્તિક અંક ૪ થો

# શ્રી આત્માનંદ પ્રકાશ

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ નમોનમઃ શ્રી પ્રભુહેમસૂરયે | ( પંન્યાસ. શ્રી. ધર્મવિજયજી ગણિ ) | ૯૧ |
| ૨ નૂતન વર્ષાભિનંદન | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૯૩ |
| ૩ વિચારશ્રેણી | ( આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૯૫ |
| ૪ શ્રી શ્રુતજ્ઞાન | ( પં. શ્રી. ધર્મવિજયજી ગણિ ) | ૯૮ |
| ૫ દુઃખ એ શું છે ? | ( મુનિ લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૦૩ |
| ૬ શ્રી પાવાપુરી તીર્થનો પ્રાચીન ઇતિહાસ | ( અનુ૦ આત્મવલ્લભ ) | ૧૦૪ |
| ૭ અધ્યાત્મશક્તિના લાભ | ( અનુ૦ અભ્યાસી B. A. ) | ૧૦૭ |
| ૮ પરમપદપ્રાપ્તિ કેમ થાય ? | ... .... ... | ૧૦૯ |
| ૯ ધર્મશર્માભ્યુદય મહાકાવ્યઃ અનુવાદ | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા ) | ૧૧૦ |
| ૧૦ સાધક ગુણત્રયી | ( ચોકસી ) | ૧૧૩ |
| ૧૧ પ્રવાહના પ્રશ્નો | ... ... ... | ૧૧૫ |
| ૧૨ વર્તમાન સમાચાર | ... ... ... | ૧૧૭ |
| ૧૩ સ્વીકાર અને સમાલોચના | ... ... ... | ૧૧૮ |


---


## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરની લાઇબ્રેરીના સભ્યોને નમ્ર સૂચના.

કેટલાક સભાસદો તથા ડીપોઝીટ વગેરેથી બુકો લઇ જનાર વાચકોને વિનંતિ છે કે ઘણા લાંબા સમયથી લાઇબ્રેરીના કેટલાક વાચકો પાસે પુસ્તકો બાકી છે. તેઓએ પુસ્તકો સભાએ આપી જવા અથવા તેના પૈસા મોકલી આપવા વિનંતિ છે. આ બાબતની સૂચના જેની પાસે બુકો છે તેઓને આપવામાં આવેલ છે અને જેઓને સૂચના ન મળી હોય તેઓએ આ જાહેર સૂચનાને ધ્યાનમાં રાખી બુકો પાછી મોકલી અન્ય વાંચકોને સરળતા કરી આપવા વિનંતિ છે.

---

## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહઃ

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઇડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂ. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂ. ૦—૧—૩ મળી મંગાવનારે રૂ. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.


લખોઃ –શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્ય–સંશોધકના અજોડ વિદ્વાન

## મુનિ મહારાજનો સ્વર્ગવાસ



મુનિ મહારાજશ્રી ચતુરવિજયજી મહારાજ

## ખેદજનક નોંધ

મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ

પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજના સુશિષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને વિદ્વદ્રત્ન મુનિરાજ **શ્રી ચતુરવિજયજી મહારાજ** કાર્તિક વદિ ૬ શનિવારનારોજ પાટણ શહેરમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. મુનિરાજ શ્રી ચતુરવિજયજીમહારાજ સુમારે ચાલીસ વર્ષના દીક્ષિત હતા અને આખું મુનિજીવન નિરતિચારપણે ચારિત્ર પાળ્યું હતું. તેઓ પરમ ગુરુભક્ત હતા, તેમજ પોતાના વિદ્વાન સુશિષ્યો ઉપર પણ અપૂર્વ પ્રેમ ધરાવતા હતા. તેઓ સાક્ષર હોવા સાથે પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના સંપૂર્ણ નિષ્ણાત હોવાથી આ સભા તરફથી પ્રગટ થતાં પ્રાચીન સાહિત્યના અનેક ગ્રંથો જેવા કે વસુદેવ હિંડિ, બૃહત્ કલ્પસૂત્ર, કર્મગ્રંથ અને બીજા સંખ્યાબંધ ગ્રંથોનું સંશોધનનું કાર્ય પોતાના સુશિષ્ય સાક્ષરવર્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી**ની સાથે પોતાની અંતિમ અવસ્થા સુધી કર્યું હતું. પ્રાચીન સાહિત્યનું સંશોધન કરવું, તેને ભવિષ્યની જૈન પ્રજા માટે પ્રકાશમાં લાવવું, તેનો બહોળો પ્રચાર કરવો એ તેમનું મુખ્ય ધ્યેય હતું. તેથી આ સભા તરફથી તેવા પ્રગટ થયેલા અનેક ગ્રંથોથી આ સભાને વિશેષ પ્રકાશમાં લાવવા માટે તેમનો સુપ્રયત્ન હોવાથી આ સભા ઉપર પણ તેઓનો અપરિમિત ઉપકાર હતો. આવા ઉત્તમ મુનિવરના સ્વર્ગવાસથી જૈન સમાજને એક ખરેખરા મુનિરત્નની જેમ ખોટ પડી છે તેમ આ સભાને પણ તેમની નહિ પૂરી શકાય તેવી મહાન ખોટ પડી છે. આ સભાને તે માટે અત્યંત ખેદ થાય છે.


ગુરુરાજશ્રી પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજની આટલી વૃદ્ધવયે તેમની અપૂર્વ સેવા કરનાર શિષ્યરત્નનો સ્વર્ગવાસ થવાથી તેમજ તેમના શિષ્યરત્ન પરમ પુનિત મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજને પણ મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ જેવા ગુરુવર્યનો વિરહ થવાથી હૃદયમાં અત્યંત ખેદ થાય તે સ્વાભાવિક છે. મુનિરાજશ્રી પુણ્યવિજય મહારાજને તો સાહિત્ય–સંશોધનના ઉત્તમ કાર્યમાં મદદરૂપ એક સ્તંભ તૂટી પડયો છે, તેથી મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ સર્વને માટે એક સરખો ભારે ખેદજનક થઇ પડયો છે.

આ સભા પોતાનો સંપૂર્ણ ખેદ જાહેર કરવા સાથે ગુરુરાજ તથા સુશિષ્યોને દિલાસો દેવા સાથે સ્વર્ગવાસી મુનિરાજ ચતુરવિજયજી મહારાજના પરમ પવિત્ર આત્માને અખંડ અને અનંત શાંતિ પ્રાપ્ત થાય તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે.

મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજના સ્વર્ગવાસના ખેદજનક સમાચાર જાણી આ સભાની જનરલ મીટીંગ બોલાવી તેઓના ગુણાનુવાદ કરવા સાથે અત્યંત ખેદ જાહેર કરવામાં આવ્યો હતો અને તેમના સભા ઉપરના અપ્રતિમ ઉપકારને માટે શું પુન્ય કાર્ય કરવું તેનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૪ : વીર સં. ૨૪૬૬ : કાર્તિક :
અંક : ૪ થો : આ. શ. સં. ૩ : વિક્રમ સં. ૧૯૯૬ : ડીસેમ્બર :

## ॥ नमोनमः श्रीप्रभुहेमसूरये ॥

લેખક : **પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજ**

[ જે જગદ્વન્દ્ય જ્ઞાની મહર્ષિનો ધંધુકામાં **કાર્તિક શુકલ પૂર્ણિમાના** મંગલ દિવસે આજથી લગભગ આઠસો વર્ષ અગાઉ જન્મ થયો હતો, જેઓ સાહિત્યજગતમાં એક 'કોહીનુર' તરીકે પ્રસિદ્ધ થયા હતા, અને જેઓનું સર્વદેશીય સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય સાડાત્રણ ક્રોડ શ્લોકપ્રમાણમાં આજે પણ સાક્ષરોને મનોમુગ્ધ બનાવે છે તે કલિકાલસર્વજ્ઞ પ્રભુ શ્રી **હેમચન્દ્ર સૂરીશ્વરજી** મહારાજની મંગલ સ્તુતિ ]

રાગઃ શાર્દૂલ

'ચિંતારત્ન' સમાન જે મુનિવરા માતાપિતાપેક્ષયા,
જે છે જૈન સમાજની સુખકરા શ્રી 'કામધેનુ' જયા;
'કોહીનૂર' કહાય આર્યમહીનું અવતાર 'બ્રાહ્મી'તણા,
શાસનના શણગાર **હેમસૂરિને** વંદન અમારા ઘણાં. ૧.

### સાહિત્યજગતના અખંડ જ્યોતિર્ધર શ્રી હેમચન્દ્રસૂરિ સ્તવના

( રાગ–પતિ વિના પ્રમદાના મનના પુરાય ક્યાંથી કોડ ? )

( શ્રી ) **હેમસૂરીશ્વર** ચરણામ્બુજને નમીએ હર્ષ અપાર;
( સૂરિવર નમીએ હર્ષ અપાર )
( એ ) દિવ્ય જ્યોતિની **જન્મતિથિને** ઉજવીએ જયકાર.
( તિથને ઉજવીએ જયકાર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






યુગ યુગના 'અંતર'મલ ધોયાં, જ્ઞાનતણી પ્રતિભામાં મોહ્યાં;
સાક્ષરતાના સુરતરુવરને વંદન હો શ્રીકાર.
( અમારા વંદન હો શ્રીકાર ) હેમસૂરી૦ ૧
જ્ઞાનજ્યોતિ જગમાં પ્રગટાવી, તિમિર પડલ તોડી દુઃખદાઇ;
જૈન જગતના જ્યોતિર્ધરને વધાવીએ નરનાર.
( સૂરિને વધાવીએ નરનાર ) હેમસૂરી૦ ૨
લક્ષણુ-તર્ક-સુધર્મ-અલંકૃતિ, ચંપક બકુલ અશોક તરુતતિ;
એ શ્રુતવંદન વન વિકસાવી નામ અમર કરનાર.
( ગુરુનું નામ અમર કરનાર ) હેમસૂરી૦ ૩
અવનીપતિ[1] અંતર અજવાળી, અમૃતપાન કરાવ્યા તારી;
ભારતના સૌભાગ્યવિધાતા પ્રાણુતણા આધાર.
( અમારા પ્રાણુતણા આધાર ) હેમસૂરી૦ ૪
મન**મોહન** ! એ યોગીશ્વરની, ગુણુમાળા છે સર્વ અઘહરણી;
**ધર્મપ્રતાપી** ધીર વીર જય બોલો મંગલકાર.
( જય બોલો મંગલકાર ) હેમસૂરી૦ ૫

૧. ગુર્જરેશ્વર કુમારપાલાદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતનવર્ષાભિનંદન

વસંતતિલકા વૃત્ત.

માંગલ્યકારી પ્રભુને નમીએ પ્રભાતે, છન્નુની સાલ સુખસંપત્તિ દ્યો નિરાંતે;
વિઘ્નોવડે વસુમતી રહી છે મુંઝાઇ, સૌએ કરે સ્તવન ઓ પ્રભુ ! **पाहि पाहि** ॥

## नूतनवर्षारंभे

### વિકૃત વાતાવરણ અને પ્રભુસ્મરણ

દોહરા

પંચાણું પૂરી થઇ, બેઠી છન્નુ સાલ;
દુનિઆં હાલકલોળ છે, વરતે વસમો કાળ. ૧

ધર્મતણાં કર્મો ગયાં, દયા-દાન સૌ દૂર;
પૃથ્વી પર પ્રગટી રહ્યાં, પાપતણાં આ પૂર. ૨

ચોગરદમ લાગી રહી, ભય-ચિંતાની ઝાળ;
**धर्मतणुं शरणुं ग्रहो**, એ જ એક પ્રતિપાળ. ૩

હરિગીત છંદ

પૃથ્વી ચડી છે ચાકડે, બહુ વિષમ વાયુ વાય છે,
ચોતરફથી વિપરીત ભણુ-કારા શ્રવણુ સુણાય છે;
શાંતિ ગઇ, ભ્રાંતિ વધી, ક્રાંતિતણો વહે છે ઝરો,
**आ विषम छन्नु सालमां, सद्धर्मनुं शरणुं ग्रहो.** ૧

અકળિત દૈવની ગતિ, અકળિત કાળતણી કૃતિ,
માનવ અરે ! સમજી શકે શું ? શી રીતે ધારે ધૃતિ ?
સંકલ્પ-વિકલ્પો તજી, શુભ ભાવના ભિતર **भरो,**
આ **विषम छन्नु सालमां, श्री प्रभुतणुं शरणुं ग्रहो.** ૨

પ્રાચીન ગ્રંથો ને પુરાણો, આદ્ય ઇતિહાસો જુઓ,
ઊંડા જ અવલોકન કરીને, ખૂબ એ સંશય ખુઓ;
આશ્ચર્ય એમાં કૈં નથી, એ ખેલ ખુદ કુદરતતણાં,
**प्रभुनुं ज शर्ण सदा ग्रहो**, ओ ! आर्यबन्धु हिंदना. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગો, લડાઇ, ધરતીકંપો, કુદરતી એ છે ક્રિયા,
પણ વર્ષ આ વીતી ગયું, તેની ગણી કૈં પ્રક્રિયા ?
શું શું કમાયા ? શું ગુમાવ્યું ? તે હિસાબ કરી જુઓ,
**पंचांगनुं सरवैयुं काढी, कुन्तुनी खामी धुओ.** ૪

દીવા કર્યાથી શું થયું, જો આત્મ અંધારું રહ્યું ?
રે ! રે !! જુઓ પાછું ફરી, આ વર્ષ તો ચાલ્યું ગયું;
સધ્ધર્મ ને સત્કીર્તિ એ, સાચી કમાણી ના કરી,
**मानव जनम मोंघा मणिनी, व्यर्थ थई मुसाफरी.** ૫

"અંતરદીપક" અજવાળશો, ને આત્મજ્યોતિ નિહાળશો,
આ દેહ ક્ષણભંગુર જાણી, મોહ-મમતા ટાળશો;
આખા જીવન-કર્તવ્યની, લઇ આરસી અવલોકશો,
ત્યાં પાપ-પુણ્યતણી પ્રતિમા, દિવ્ય દષ્ટે દેખશો. ૬

દીવાળી આવી ને ગઇ, હજી એ જ વર્ષે આવશે,
શાણા જનોને ચેતવા, શુભ સાર પણ સમજાવશે;
શાંતિ-સુખોનું શસ્ત્ર એક જ, લક્ષ રાખીને લહો,
**छन्नुतणी** આ સાલમાંહિ, **शरण श्री प्रभुनुं ग्रहो.** ૭

વસંતતિલકા વૃત્ત

કલ્યાણ મંગળ કરો શુભ શાંતિ થાઓ, વિપત્તિ-વાદળ બધાં વીખરાઇ જાઓ;
એ પ્રાર્થના નવીન વર્ષ વિષે અમારી, રાજાધિરાજ જગનાયક લ્યો સ્વીકારી. ૧

દોહરા

સૃષ્ટિની કુદૃષ્ટિ બધી, નષ્ટ કરો જગરાય;
ભય-ભરિત ભૂમિ વિષે, વિષમ કાળ વર્તાય. ૧

કાલ દીવાળી વહી ગઇ, આજે નવલું વર્ષ;
કાળ ગતિ છે કારમી, એમાં શોક ન હર્ષ. ૨

દીવા, ફટાકા, આતસો, ક્ષણભર આયુષ્યમાન;
ચતુર જનોને ચેતવા, ગ્રહવા આતમ જ્ઞાન. ૩

વિશ્વ વિષે વિશ્રાંતિ હો, અધિકપણે આબાદ;
નવા વર્ષમાં હર્ષથી, એ મુજ આશીર્વાદ. ૪

ભાવનગર-વડવા
સં. ૧૯૯૫ ની દીપોત્સવી

લી૦ સમાજશુભચિંતક
**રેવાશંકર વાલજી બધેકા**
નિવૃત્ત એજ્યુ૦ ઇન્સ્પે૦ અને નીતિ ધર્મોપદેશક-**ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી

લે૦ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

પ્રભુતા જોઈતી હોય તો સાચો પ્રભુ બન, પ્રભુ સાથે તન્મય થઈ જા, એટલે શીઘ્ર પ્રભુ બની જઈશ. દીવાથી દીવો સળગાવી લે, જો પછી કેવું અજવાળું થાય છે. અનંતા સૂર્ય એકઠા થાય તો પણ તે અજવાળાના અનંતમા અંશની પણ બરાબરી કરી શકતા નથી. અનંતા સૂર્યના અજવાળામાં જે વસ્તુ જણાતી નથી તે વસ્તુ પ્રભુથી મેળવેલા પ્રકાશમાં જણાય છે.

卐 卐 卐

તું અંધારામાં ઘણું મુંઝાયો, હવે તો અજવાળું કર. આગળ અંધારું, પાછળ અંધારું, વચમાં ઘણો જ મંદ પ્રકાશ છે એટલા પ્રકાશે શું થાય ? ભૂતકાળે શું થયું, ભવિષ્યકાળમાં શું થશે, છે ખબર ? વર્તમાનકાળે કાંઇ જાણે છે તે પણ ઝાંખું ઝાંખું.

卐 卐 卐

સહુ કોઇ ભવિષ્યને જાણવાની ઇચ્છા રાખે છે, ભૂતને કોઇ પણ જાણવા ઇચ્છતું નથી; પરંતુ ભૂતને જાણ્યા સિવાય ભૂલો સુધરવાની નથી. ભવિષ્ય જાણીને શું કરશો ? રાગ દ્વેષ વધારશો, હર્ષ ને શોકને આધીન થશો, નિરુદ્યમી ને મિથ્યાભિમાની બનશો માટે ભૂતને જાણીને ભૂલેલા માર્ગથી પાછા વળો અને ભવિષ્યને સુધારો, થયું તે સાચું અને થશે તે ખોટું. ભવિષ્ય સન્મુખ થઇને ચિંતાગ્રસ્ત ન બનો અને નિરાશાને આમંત્રણ ન કરો.

卐 卐

ભવિષ્યનું ચણતર ભૂતના પાયા ઉપર જ ચણાય છે. ભવિષ્ય તે ભૂતનો જ વિકાર છે. ભવિષ્ય જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ જ નથી. જન્મ્યો છે તે જ મરે છે, બીજ હતું તે જ વૃક્ષ થાય છે, રાંધ્યું હતું તે જ ખવાય છે અને કર્યું હતું તે જ ભોગવાય છે માટે બતાવશો કે ભવિષ્ય શું વસ્તુ છે ? ભૂતકાળની સામગ્રી ન હોય તો ભવિષ્ય કોઇ વસ્તુ જ નથી.

卐 卐 卐

સહુ કોઇ ત્યાગી જન્મે છે અને ત્યાગી મરે છે. જન્મ્યા પછી મનોવૃત્તિઓમાં ભોગને સ્થાન આપી જીવનનૌકાને ભોગના પ્રવાહમાં વહેતી મૂકી દે છે તે ભોગના કિનારે ભાગ્યેજ પહોંચે છે. ભોગ-જળના છીછરા પાણીમાં તૃષ્ણાની ભૂમિમાં ખૂંચી રહે છે જેથી કરી ભોગ અને યોગના કિનારાથી ભ્રષ્ટ થાય છે અને અંતે વિનાશ પામે છે.

卐 卐 卐

કષાય તથા વિષયને જે ત્યાગે છે તે જ સાચો ત્યાગી છે; કેવળ બહારનો પરિગ્રહ છોડનાર સાચો ત્યાગી નથી. નવ પ્રકારના પરિગ્રહમાંથી દુર્ભાગ્યવશ જે જીવોને એક પણ પ્રકારનો પરિગ્રહ ન મળ્યો હોય અને જો તે ત્યાગી નામ ધરાવતો હોય તો પશુઓ તથા અભાગી માણસો કેમ ન ત્યાગી કહી શકાય.

卐 卐 卐

જેણે કષાય, વિષય છોડ્યા નથી, મમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાનો ત્યાગ કર્યો નથી, તેણે શું ત્યાગ્યું છે? આહાર, વસ્ત્ર, પાત્ર, મકાન આદિ ભોગોપભોગની વસ્તુઓમાં કઇ વસ્તુઓથી તે મુકાયા છે? બહારની વસ્તુઓના ત્યાગી તો મનુષ્ય માત્ર છે. શરીરપર બે વસ્ત્ર અને ઘણું રાખો તો બે ચાર હજારના દાગીના સિવાય બીજું કાંઈપણ નથી હોતું. બાગ, બંગલા, ધન અને વાહન વિગેરે બીજી સંપત્તિ જ્યાં જાય ત્યાં સાથે લઇને ફરતા નથી.

卐 卐 卐

જેની પાસે બીજી સંપત્તિ હોતી નથી તેને તો કુદરતે જ ત્યાગી બનાવેલો હોય છે; પણ મનોવૃત્તિમાં મમત્વની અધિકતા હોવાથી ત્યાગીનું ફળ મેળવી શકતો નથી, પરંતુ સાથે લઇને ફરતા નથી તેમજ ભેગી કરેલી સઘળી સંપત્તિ કામમાં આવતી નથી. એવા સંપત્તિવાળા તે સંપત્તિના મારાપણાથી મનોવૃત્તિ બંધાયલી હોવાથી કષાય તથા વિષયોથી ઘેરાયેલા જ રહે છે. અને જેની પાસે સંપત્તિ હોતી નથી તે સંપત્તિને પોતાની બનાવવા વિષયાધીન મનોવૃત્તિને તદાકાર બનાવી રાખે છે, માટે સંપત્તિવાળો અને સંપત્તિહીન બહારની સંપત્તિનો ત્યાગી હોવા છતાં ત્યાગનું ફળ ન મેળવતાં ભોગવ્યા વગર પણ ભોગનું ફળ મેળવે છે.

卐 卐 卐

એક તો પાસે સંપત્તિ હોવા છતાં તેને છોડીને વરસો સુધી પરદેશમાં વસનારો અને એકની પાસે સંપત્તિ નથી છતાં સંપત્તિને મેળવવા નિરંતર પ્રયત્નવાળો અને એક સંપત્તિ ન રાખવાની અને ન ભોગવવાની પ્રતિજ્ઞા કરીને તે સંપત્તિને આડકતરી રીતે રાખી તેને ભોગવવા ઇચ્છનારો—આ ત્રણે જણમાં કંઇ અંતર છે?

卐 卐 卐

જેમ જેમ પ્રાણીઓનું ભાગ્ય પલટાય છે તેમ તેમ સાચી અને ઉત્તમ વસ્તુઓ લુપ્ત થતી જાય છે. જ્યારે જીવો ભાગ્યશાલી હતા ત્યારે સાચું ઝવેરાત પુષ્કળ હતું તેમજ તેમના આત્મશ્રેય માટે લબ્ધિધારીઓ તેમજ કેવળજ્ઞાની સુધીના ઉત્તમ પુરુષો વિદ્યમાન હતા. અત્યારે ભાગ્ય ફરવાથી સાચી વસ્તુઓનો અભાવ થઈ ગયો છે ને ઇમીટેશન વધી પડ્યું છે. પૂર્વ પુરુષો જેવા જ્ઞાની અને ઉત્તમ મહાત્માઓનો પણ અભાવ થઇ ગયો છે.

卐 卐 卐

જીવોના ભાગ્યનું ફળ આપવાને કાળ, સારી વસ્તુ તથા ઉત્તમ પુરુષોને જીવોના સહવાસથી દૂર કરે છે, જેથી કરીને જીવો પોતાના દુષ્ટ કૃત્યનું ફળ ભોગવવા સન્મુખ થાય છે.

卐 卐 卐

કોઈ વ્યક્તિ પૂર્વ કાળના મહાત્મા જેવો ડોળ ભલે કરે અને જનતાને ભ્રમિત કરી પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ ભલે સાધે તેથી કરી તે કાંઇ સ્વપરનું ઐહિક કે આમુષ્મિક શ્રેય કરી શકતો નથી.

卐 卐 卐

જો તું માનનું પાત્ર છે, માન ગ્રહણ કરવાનો અધિકારી છે, છતાંય ઇતર મનુષ્ય મિથ્યા અભિમાનથી જાણીને અથવા અજાણપણે તારું માન ન જાળવે—અપમાન કરે તો તારે ખેદ કરવાની કે ક્રોધ કરવાની જરૂર નથી; કારણ કે તારું અપમાન કરવાથી કાંઇ તારું અપમાન થતું નથી; પણ તારું અપમાન કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નારનું જ અપમાન થાય છે. કીંમતી હીરાની કીંમત આંકી ઉચિત ન જાળવનારની જ કીંમત ઘટે છે, પણ હીરાની કીંમત ઘટતી નથી.

卐 卐 卐

જ્યારે કોઇ મનુષ્ય બીજા મનુષ્યના વિચારોથી જુદો પડે, અથવા તો તેના કથનને અનુસરે નહી ત્યારે તે ન માનનાર અને વિચારભેદ રાખનારના પ્રત્યે અપ્રીતિ રાખે છે, અને તે પુરુષ માનનીય વિચારશીલ સજ્જન હોવા છતાં તેનું અપમાન કરે છે અને પોતે માને છે કે મેં અમુકનું અપમાન કર્યું, પણ આ પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી સજ્જન વિચારશીલ પુરુષ હલકો પડતો નથી પણ તે હલકો પાડવા પ્રયત્ન કરનાર પોતે જ હલકો પડે છે.

卐 卐 卐

લાભ મળે યા ન મળે, શ્રીમંત થવાય યા ન થવાય; પણ નીતિ જાળવીને વ્યવસાય કરવો ઉચિત છે. નિરંતર ન્યાયને સન્મુખ રાખીને જ હરેક પ્રકારના વ્યાપારમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. અન્યાય અને અધર્મથી કરોડોની સંપત્તિ ભેગી કરીને માલમિષ્ટાન્ન ઉડાવનારા, બાગ-બંગલાઓનો ઉપભોગ કરનારા અને મોટરોમાં ફરનારા ભલે પોતાને શ્રીમંત અને સુખી માને; પરંતુ વાસ્તવિકમાં તેઓ કંગાલ તથા દુઃખી છે કારણ કે તેમનું ભાવી જ કંગાલ તથા દુઃખી ઘડાય છે

卐 卐 卐

ન્યાય ધર્મથી થોડુંક પણ ધન મેળવનાર ભલે સાદો ખોરાક ખાતો હોય, સાધારણ મકાનમાં રહેતો હોય, તથા બાગ, બંગલા અને મોટરના સાધન વગરનો હોય તો પણ તે શ્રીમંત છે-સુખી છે. તેનુ ભાવી જ શ્રીમંતાઇનું ને સુખીપણાનું ઘડાય છે

卐 卐 卐

માન મળો યા ન મળો, કોઇ આદર-સત્કાર કરો યા ન કરો, જગતમાં પૂજાનું પાત્ર બનો યા ન બનો પણ કેવળ આત્માના કલ્યાણ માટે જ સંસારથી પરાંગમુખ થઇને પાંચે ઇન્દ્રિયોના વિષયોને અને સર્વ પ્રકારના બહારના તથા અંદરના સંયોગોને મળની જેમ ત્યાગ કરનાર વિરક્ત આત્મા નિરંતર સાચું અને સારું કરવા જ પ્રયત્ન કરે છે, પોતાના અધિકારની મર્યાદા ઓળંગતો નથી.

卐 卐 卐

અધિકારની મર્યાદાને મરડીને, ઉદ્દેશની દિશાથી પરાંગમુખ થઇને અને સર્વ ત્યાગના સાચા તથા સારા માર્ગને પીઠ દઇને ભલે માન-પ્રતિષ્ઠા મેળવો, યા જગતમાં આદર-સત્કારનું પાત્ર બનીને પુજાઓ, મોટા કહેવાઓ યા સારાં વસ્ત્ર, પાત્ર તથા ખાનપાન મેળવો પરંતુ તે જ્ઞાનીની દૃષ્ટિએ હલકામાં હલકો અને કંગાલમાં કંગાલ છે, જગતનો સ્વામી નહી પણ દાસ છે, કાન તથા જીભનો સેવક છે.

卐 卐 卐

કાન તથા જીભના ગુલામો મહાપુરુષ પદના અનધિકારી છે. પૈસાના અભાવે બનેલા દીન-કંગાલો કરતાં પણ હલકા દરજ્જાના છે, ત્યાગીઓની પંક્તિમાં તેમના માટે સ્થાન જ નથી.

卐 卐 卐

પોતાનું અહિત કરીને પણ બીજાને સારું લગાડનાર તથા વાચિક પ્રવૃત્તિ કરનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખક: શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

[ ગતાંક પૃષ્ઠ ૬૯ થી શરૂ ]

સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો અત્યંત સાધનભૂત છે અને એ સાધનભૂત કરણો પૈકી 'યથાપ્રવૃત' કરણ સુધી તો અભવ્ય આત્મા પણ કદાચિત્ આવી પહોંચે છે, જે બાબત પ્રથમ જણાવવામાં આવેલ છે. અભવ્ય જીવ મિથ્યાત્વ મોહનીયની સર્વોપશમના કરવા માટે અધિકારી નથી, અર્થાત અભવ્ય જીવ કોઇ પણ કાળે દર્શનમોહનો ઉપશમ કરવા માટે શક્તિસંપન્ન બનતો જ નથી. સંસારચક્રમાં પરિભ્રમણ કરનાર આત્માને નિજગુણપ્રાપ્તિમાં સર્વથી પ્રથમ કોઇ પણ ગુણ પ્રાપ્ત થતો હોય તો તે દર્શનમોહની ઉપશમનાજન્ય ઔપશમિક સમ્યગ્દર્શન છે. અભવ્ય આત્મા તથાપ્રકારના અનાદિ પારિણામિક ભાવે રહેલા અભવ્યપણાને અંગે સમ્યગ્દર્શનાદિ ગુણો તો પ્રાપ્ત કરી શકતો નથી, કિંતુ અકામનિર્જરાના યોગે કોઇ અભવ્ય જીવ કદાચિત્ યથાપ્રવૃત્તની હદ સુધી આવી પહોંચે છે, અને ત્યાં રહ્યો થકો આગળ જણાવવામાં આવતા કારણોથી દ્રવ્યચારિત્રને પણ ગ્રહણ કરે છે.

---

ક્ષુદ્ર સ્વાર્થના સમુદ્રમાં ડૂબેલો હોય છે અને તે અધમ કોટીમાં ગણાય છે.

卐 卐 卐

પોતાના આત્માનું હિત કરીને બીજાનું હિત કરવા માઠું લાગે તેવી કાયિક ને વાચિક પ્રવૃત્તિ કરનાર નિઃસ્વાર્થી હોય છે ને ઉત્તમ જીવોની પંક્તિમાં ભળવાનો અધિકારી હોય છે.

卐 卐 卐

## અભવ્યને દ્રવ્યચારિત્રની પ્રાપ્તિનાં નિમિત્તો–

ચારિત્રના બે પ્રકાર છે: એક દ્રવ્યચારિત્ર અને બીજું ભાવચારિત્ર. 'પ્રમત્તસંયત' નામના છઠ્ઠા ગુણસ્થાનકથી ભાવચારિત્રની હદ શરૂ થાય છે. તે ભાવ ચારિત્રવંત આત્માનું લક્ષ્ય કેવળ મોક્ષ માટે જ સદા ય વર્તતું હોય છે, ચારિત્રને અનુકૂળ હરકોઇ પ્રવૃત્તિમાં 'નિજગુણસ્થિરતા' તરફ તેઓ સદા ય ઉજમાળ હોય છે. દ્રવ્ય–ચારિત્રમાં આ પરિસ્થિતિનો સર્વથા અભાવ જોવાય છે. સંજમને અંગે કરવામાં આવતા પ્રતિક્રમણ–પડિલેહણ–વિહાર–તપશ્ચર્યાદિ સર્વ અનુષ્ઠાનોમાં ઐહિક તેમજ આમુષ્મિક બાહ્ય સુખની લાલસા દ્રવ્ય ચારિત્રવંતોમાં ઘર કરીને રહેલી હોય છે, જે કાંઇ કષ્ટાનુષ્ઠાન થાય તેમાં પણ જનતાનો સત્કાર, સન્માન મેળવવાની ભાવના તેવાઓમાં રમી રહેલી હોય છે. અભવ્ય આત્માઓ ઉપર જણાવ્યા પ્રમાણે યથાપ્રવૃત્ત કરણે આવ્યા બાદ કદાચિત્ ચારિત્ર ગ્રહણ કરે છે. તેમાં પણ સત્કાર-સન્માન મેળવવાની ચાહના, બાહ્ય આશ્ચર્યકારક ઋધ્ધિ પ્રાપ્ત કરવાની અભિલાષા અને પરલોકમાં ઇષ્ટ કામભોગ મેળવવાની ઝંખના–આ ત્રણ મુખ્ય કારણો અનંતજ્ઞાની મહર્ષિઓએ જણાવેલા છે. કોઈ સાચા સાધુ મહાત્માનું રાજરાજેશ્વર અથવા અધિકાર મંડલ આદિ જનસમાજ તરફથી થતું સન્માન દેખી ૧ગ્રન્થિક સત્ત્વ આ અભવ્ય પણ વિચારે કે હું આવું સાધુપણું લઉં તો રાજા–મહારાજાઓ મારો પણ સત્કાર–સન્માન કરે,

---

૧. ગ્રન્થિની નજીકમાં યથાપ્રવૃત્ત કરણે રહેલો. ગ્રન્થિનું સ્વરૂપ અપૂર્વકરણમાં કહેવાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થંકર પરમાત્માની અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ અદ્ભુત શોભા જોઇને એ ગ્રન્થિની નજીકમાં રહેલો અભવી વિચારે કે–હું પણ સાધુ થવાપૂર્વક કષ્ટાનુષ્ઠાન કરું તો મને આવી અદ્ભુત લક્ષ્મી પ્રાપ્ત થાય, તેમજ કોઇ પુણ્યવંતની અનુકૂલ કામ-ભોગાદિ સામગ્રી જોઇને, યથાપ્રવૃત્તકરણે રહેલો તે અભવ્ય ભવાંતરમાં તેવા પ્રકારના કામભોગ પ્રાપ્ત કરવાની લાલસાથી દ્રવ્યચારિત્ર ગ્રહણ કરવા તૈયાર બને. આવા આવા કારણોથી અભવ્ય દ્રવ્યચારિત્ર ગ્રહણ કરે અને બાહ્ય સુખની સિદ્ધિને અર્થે ગ્રહણ કરેલ દ્રવ્યચારિત્ર સંબંધી અનુષ્ઠાનમાં માખીની પાંખ પણ ન દુભાય તેટલી કાળજી રાખે અને તેવા કાળજીભર્યા દ્રવ્ય-ચારિત્રના પ્રતાપે કોઇક અભવ્ય આત્મા કાલધર્મ પામી યાવત્ નવમા ગ્રૈવેયક સુધી પણ ઉત્પન્ન થાય. જે માટે કહ્યું છે કે—

**सव्वजियाण जम्हा, सुत्ते गेविज्जगे सु उववाओ,**
**भणिओ जिणेहि सो नय-लिंगं मोत्तुं जओ–**
**जे दंसणवावन्ना लिंगग्गहणं करंति सामण्णे,**
**तेसिंपि य उववाओ उक्कोसो जाव गेविज्जा॥२॥**

"સૂત્ર સિધ્ધાન્તોમાં સર્વ જીવોનો જે નવ "ગ્રૈવેયક સુધી ઉપપાત જિનેશ્વર મહારાજાઓએ "કહેલો છે તે લિંગ સિવાય એટલે કે દ્રવ્ય-"ચારિત્ર સિવાય સંભવી શકતો નથી, કારણ કે "સૂત્રમાં જે માટે જણાવેલ છે કે-જે સમ્યગ્-"દર્શનથી રહિત છે એવા અભવ્ય અથવા મિથ્યા-"દૃષ્ટિ સાધુપણાનું ચિહ્ન સ્વીકારે તો તેવાઓનો "પણ નવમા ગ્રૈવેયક સુધી ઉત્કૃષ્ટપણે ઉપપાત "થઇ શકે છે."

આવા જ્ઞાની મહર્ષિનાં વાક્યોમાંથી અપૂર્વ બોધ એ મળી શકે છે કે–સંયમાદિ ધર્મક્રિયાઓ કર્મની નિર્જરા અને મોક્ષપ્રાપ્તિના લક્ષ્યપૂર્વક કરવામાં આવે તો તો અનુત્તર વિમાન અથવા મુક્તિસુખની પ્રાપ્તિ અનંતરપણે કિંવા પરંપરાએ અવશ્ય પ્રાપ્ત થાય એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી, પરંતુ ઉપર જણાવ્યા મુજબ જે ચારિત્રમાં અભવ્ય–મિથ્યાદૃષ્ટિ જીવોનું લક્ષ્ય કેવળ સત્કાર, સન્માનાદિની પ્રાપ્તિ માટેનું જ હોય છે તે દ્રવ્ય-ચારિત્રનો પ્રભાવ પણ કેટલો જબ્બર છે કે આત્માને યાવત્ નવમા ગ્રૈવેયક સુધી પહોંચાડે છે. અહિં એક વસ્તુ ધ્યાનમાં રાખવી કે નવમા ગ્રૈવેયક સુધીના દેવો મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ એમ ઉભય પ્રકારના હોય છે પરંતુ અનુત્તર વિમાનમાં વર્ત્તતા દેવો તો નિયમા સમ્યગ્દૃષ્ટિ જ હોય છે. તેમાં પણ સર્વાર્થસિધ્ધ વિમાનવાસી દેવો સમ્યગ્-દૃષ્ટિ હોવા સાથે અવશ્ય એકાવતારી જ છે, અને તેથીજ અભવ્ય અથવા મિથ્યાદૃષ્ટિ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થઇ શકતા નથી. વધુમાં વધુ પણ તેઓનો ઉપપાત નવમા ગ્રૈવેયક સુધી જ્ઞાની ભગવંતોએ જણાવેલો છે. સૂત્રાર્થના આશયને નહિં સમજનારા, ક્રિયાનુષ્ઠાનના આળસુ કેટલાક અજ્ઞાન આત્માઓ ભોળી જનતા પાસે "**કુર્માપુત્ર** ચારિત્ર ગ્રહણ કરવા ક્યાં ગયા હતા? **ભરત** મહારાજાને પણ ઘરે બેઠા કેવલજ્ઞાન પ્રાપ્ત થયું કે નહિં? આપણું મન ચોકખું હોય તો ચારિત્ર ગ્રહણ કરવાની તેમજ પ્રતિક્રમણ–પડિ-લેહણાદિ ક્રિયાઓ કરવાની તેમજ તપસ્યાઓ કરવાની કશી જરૂર નથી." આવું આવું કાંઇક હાંકયે રાખે છે; પરંતુ તેવા આત્માઓએ સાથે સાથે એ પણ વિચારવાની જરૂર છે કે કૂર્માપુત્ર તથા ભરત મહારાજાને ભલે આ ભવમાં ઘેર બેઠા લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ, પરંતુ એ ગૃહસ્થાવસ્થામાં જે કૈવલ્યની પ્રાપ્તિ થયેલ છે તેમાં ખરેખરું પ્રબલ કારણ જો કોઇપણ હોય તો ભૂતકાલીન ભવોમાં કરેલી ચારિત્રધર્મની અનુપમ આરાધના જ છે. એ ગતજન્મોમાં કરેલી અનુપમ આરાધનાના પ્રતાપે જ તે કુર્માપુત્રાદિ આ ભવમાં ગૃહિલિંગે કેવલજ્ઞાનાદિ પામ્યા, નહિં કે આરાધના સિવાય. આપણા આત્માએ એવી અનુપમ આરાધના કરી છે તેની શી ખાત્રી? બલકે જે વિચારો અને ઉદ્ગારો ઉપર જણાવ્યા છે તે વિચારો અને ઉદ્ગારો તો આરાધનાની શૂન્યતા જણાવનારા છે. વ્યવહારદૃષ્ટિએ જગતમાં પણ વેષની એટલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધી કિંમત હોય છે કે પાંચ રૂપીઆનો પગારદાર પોલિસ પ્રસંગે તો લક્ષાધિપતિ શ્રીમંતનું કાંડું પકડી શકે છે. એ જ પ્રમાણે મુનિવેષ અથવા શ્રાવકોચિત લલાટમાં તિલકાદિ ચિહ્નો કોઈકોઇ આત્મા માટે એવાં ઉપકારી બને છે કે પતિત અધ્યવસાયોમાં દાખલ થયેલો આત્મા એ મુનિવેષ અથવા લલાટ–તિલકાદિના પ્રભાવે પુનઃ ઉચ્ચ અધ્યવસાયોની શ્રેણિઓમાં આરૂઢ થાય છે. સિધ્ધાન્તોના રહસ્યોને જાણનારાઓને બરાબર ખ્યાલ હશે કે ભલે ભરત મહારાજાને ગૃહસ્થપણામાં અનિત્ય ભાવનાના યોગે આદર્શ ભુવનમાં આત્મિક લક્ષ્મીને ઝળકાવનારું કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, પરંતુ કેવળજ્ઞાનનો મહિમા કરવા માટે હાજર થયેલા દેવોએ એ ભરત મહર્ષિને વંદન તો ત્યારે જ કર્યું કે જ્યારે દેવતાએ અર્પણ કરેલા સાધુલિંગને ભરત મહારાજાએ ગ્રહણ કર્યું. શું આથી મુનિવેષની મહત્તા નથી સમજી શકાતી? જે ભવભીરુ આત્માઓ છે તે તો આવા પ્રસંગો તથા દૃષ્ટાંતોથી દ્રવ્યચારિત્રની ઉપયોગિતા કબૂલ કર્યા સિવાય કોઇ કાળે રહેવાના નથી. બાકી જે શુષ્ક અધ્યાત્મીઓ છે, ક્રિયાના ચોર છે, ક્રિયાકાંડનું નામ સાંભળતા જેનાં હૈયામાં તેલ રેડાય છે તેવા પુદ્‌ગલાનંદી આત્માઓને આ દ્રવ્ય ચારિત્રાદિ ક્રિયાકાંડની કથની ગળે ઉતરવી ઘણી મુશ્કેલ છે. શુકલપાક્ષિકપણા સિવાય ક્રિયાકાંડ ઉપર પ્રેમ થાય પણ કયાંથી? ન્યાયાચાર્ય મહારાજે એ ઉદ્દેશથી જ ફરમાવ્યું છે કે—

"**कलावध्यात्मिनो भान्ति, फाल्गुने बालका यथा**"

## અભવ્યને દ્રવ્યશ્રુત કયાંસુધી હોય ?

"કલિકાલમાં અધ્યાત્મનો ઢોંગ કરનારાઓ ફાલ્ગુન માસમાં થતા હોળીના રાજા સરખા બાલકો જેવા શોભે છે."

દ્રવ્યચારિત્રના પ્રભાવે અભવ્ય જીવ જે પ્રમાણે નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થઇ શકે છે તે જ પ્રમાણે દ્રવ્યચારિત્રમાં દાખલ થયેલ અભવ્ય આત્મા શ્રુતમાં વધતો વધતો કદાચિત્ નવ પૂર્વ સુધીના અભ્યાસ સુધી પણ પહોંચી જાય છે, જે માટે આવશ્યકનિર્યુક્તિકાર મહારાજા જણાવે છે કે:—

"**तित्थंकराइपूअं दट्ठूणण्णेण वावि कज्जेणं ।**
**सुयसामाइयलाहो, होइ अभव्वस्स गंठिम्मि ॥१॥**"

'ગ્રન્થિની નજીકમાં અર્થાત્ યથાપ્રવૃત્તકરણે રહેલા અભવ્ય જીવને તીર્થંકર મહારાજા વિગેરેનો અન્ય આત્માઓથી થતો સત્કાર દેખીને અથવા તો બીજા કોઇ તેવા નિમિત્તથી 'શ્રુતસામાયિક'-નો લાભ પ્રાપ્ત થાય છે.' શ્રુતસામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક, અને સર્વવિરતિ સામાયિક–આ ચાર પ્રકારના સામાયિકોમાં અભવ્યને શ્રુતસામાયિકનો લાભ પ્રાપ્ત થાય, પરંતુ સમ્યક્ત્વસામાયિકાદિની પ્રાપ્તિ તે આત્માને ન જ હોઇ શકે. શ્રુતસામાયિકમાં વધતા વધતા યાવત્ નવ પૂર્વ સુધીના શ્રુત માટે અભવ્યને અંગે જે પ્રથમ કહેવાયેલ છે તે શ્રુત પણ ફક્ત શબ્દરૂપે જ હોય; પરંતુ પ્રાયઃ અર્થ ન હોય અને કદાચ કોઇ પદોના અર્થ સંબંધી જાણપણું હોય તો તેમાં પણ એ અર્થનું પરિણમન પરંપરાએ સંસારવૃધ્ધિના કારણ તરીકે બને, કિંતુ ભાવથી વિરતિના પરિણામમાં તેનું લક્ષ્ય જાય જ નહિં. ભાવથી વિરતિના વિચારો સમ્યગ્‌દર્શની અને અતએવ સમ્યગ્‌જ્ઞાની આત્માને આવી શકે છે. અભવ્ય આત્માને પૂર્વધરની લબ્ધિનો જ અભાવ છે એટલે કે પૂર્વ સંબંધી અક્ષરોના અર્થનું પરિણમન પૂર્વધર લબ્ધિના અભાવે તેઓને હોઇ શકતું જ નથી. ગ્રન્થિસ્થાનની નજીકમાં રહેલા કેટલાક મિથ્યાદૃષ્ટિ આત્માઓ કાંઇક ન્યૂન દશ પૂર્વ સુધી પણ પહોંચી જાય છે. જેમને દશ પૂર્વનું સંપૂર્ણ જ્ઞાન હોય તેઓ નિશ્ચયથી સમ્યગ્‌દૃષ્ટિ જ હોય છે.દેશે ઊણા દશ પૂર્વ સુધીના જ્ઞાનમાં સમ્યક્ત્વની ભજના હોય છે, અર્થાત્ ત્યાં સુધીના જ્ઞાનમાં તો સમ્યગ્‌દૃષ્ટિ જીવો પણ હોય અને મિથ્યાદૃષ્ટિ પણ હોય, પરંતુ દશ પૂર્વની લબ્ધિ સમ્યગ્‌દૃષ્ટિ સિવાય બીજાને ન જ હોઇ શકે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે માટે કહ્યું છે કેઃ-' **चउदस दस य अभिण्णे- नियमा सम्मं तु सेसए भयणा** '

## ગ્રન્થિસ્થાનની સમીપે આવેલા ત્રણ પ્રકારના આત્માઓ

ઉપર જણાવ્યા પ્રમાણે ગ્રન્થિસ્થાનની સમીપે આવતા અભવ્ય-મિથ્યાદૃષ્ટિ પ્રમુખ જીવોમાં સ્થૂલદૃષ્ટિએ આપણે ત્રણ સ્વભાગો પાડી શકીએ: પ્રથમ વિભાગમાં ગ્રન્થિસ્થાનને દેખીને ત્યાંથી જ પાછા ફરી જનારા જીવો, બીજા પ્રકારમાં ગ્રન્થિ-સ્થાન પાસે અમુક વખત સુધી ટકનારા જીવો અને ત્રીજા પ્રકારમાં ગ્રન્થિસ્થાનનો ભેદ કરી સમ્યક્ત્વને પ્રાપ્ત કરનારા જીવો. આ વસ્તુ દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરાય છે-જેમ દૂર રહેલા કોઇ મોટા નગરમાં જવા માટે ત્રણ માણસો પોતાના ગામથી એક સાથે રવાના થયા. ચાલતા ચાલતા તેઓ ચોરોના સ્થાનવાળી ભયંકર અટવી પાસે આવી પહોંચ્યા. એ ભયંકર સ્થાન સમીપે આવતા તે ત્રણે માણસોએ બે ચોરને જોયા. એ ચોરો જોવામાં આવતાં ત્રણમાંથી એક બીકણ માણસ તો ભય પામી ત્યાંથી જ પાછો પલાયન કરી ગયો, બીજા માણસને ચોરોએ પકડયો અને ત્રીજો બલવાન હોવાથી ચોરોને હરાવી અટવીનો પાર પામી ઇષ્ટ નગરે પહોંચી ગયો. તે પ્રમાણે ચાલુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિના પ્રસંગમાં ત્રણ માણસો સરખા ત્રણ પ્રકારના સંસારી જીવો જાણવા. અટવી જેવો સંસાર જાણવો, લાંબા રસ્તાના સ્થાને કર્મની દીર્ઘ સ્થિતિઓ સમજવી, બે ચોરના ભયંકર સ્થાને રાગ-દ્વેષરૂપ નિબિડ ગ્રન્થિસ્થાન સમજવું. ચોરના ભયથી પાછા ફરી જનારા પહે-માર્ગના સ્થાને ગ્રન્થિસ્થાનથી પાછા ફરી જનારા અને પુનઃ કર્મની દીર્ઘ સ્થિતિ બાંધનારા અભવ્ય-મિથ્યાદૃષ્ટિ વિગેરે પ્રથમ પ્રકારના જીવો લેવા, ચોરોના પંજામાં આવેલા માણસના સ્થાને ગ્રન્થિ-ભેદના કાર્યમાં અશક્ત એવા અવસ્થિત પરિણામ-વાળા જીવો સમજવા, અને ઇષ્ટ નગરે પહોંચેલા પરાક્રમી માણસના સ્થાને ગ્રન્થિભેદ કરી અપૂર્વ-કરણ અનિવૃત્તિકરણમાં દાખલ થઇ સમ્યગ્-દર્શનને પ્રાપ્ત કરનારા આત્માઓ જાણવા.

## યથાપ્રવૃત્તકરણમાં અધ્યવસાયસ્થાનો-

આ યથાપ્રવૃત્તકરણમાં દાખલ થયેલો આત્મા પ્રતિસમય અનન્તગુણ વિશુદ્ધિએ વધતા જાય છે. એમાં પણ એક જઘન્યવિશુદ્ધિવાળો હોય છે, બીજો આત્મા ઉત્કૃષ્ટવિશુદ્ધિવાળો હોય છે અને એ અપેક્ષા એ જ જ્ઞાની ભગવંતોએ જુદા જુદા જીવોની અપેક્ષાએ એ યથાપ્રવૃત્ત કરણના પ્રત્યેક સમયે અસંખ્ય લોકાકાશના પ્રદેશો જેટલા અધ્યવસાયસ્થાનો કહ્યાં છે, તેમાં પણ પહેલાં સમયના અધ્યવસાય-સ્થાનો કરતાં બીજા સમયના અધ્યાવસાયસ્થાનોની સંખ્યા વિશેષાધિક છે, બીજા સમય કરતાં ત્રીજા સમયના અધ્યવસાયોની સંખ્યા વિશેષાધિક છે એ પ્રમાણે યાવત્ યથાપ્રવૃત્તકરણના અંતિમ સમય સુધી સમજવું. બાળજીવોને સમજવા માટે આ અધ્યવસાયસ્થાનોની સ્થાપના કરવામાં આવે તો વિષમ ચતુરસ્ર આકાર થઇ શકે છે. જે આ પ્રમાણેઃ—

સ્થાપના*

| | | |
|---|---|---|
| ૦૦૦૦૦૦૦૦૦ | ૧ લો | સમય |
| ૦૦૦૦૦૦૦૦૦૦ | ૨ જો | ,, |
| ૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૩ જો | ,, |
| ૦૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૪ થો | ,, |
| ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૫ મો | ,, |
| ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૬ ઠો | ,, |
| ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૭ મો | ,, |
| ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૮ મો | ,, |
| ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૯ મો | ,, |
| ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૧૦ મો | ,, |

* અંતર્મુહૂર્તના અસંખ્ય સમયો છતાં અસત્ કલ્પનાએ ૧૦ ની સંખ્યા કલ્પેલી છે, પહેલા વિગેરે સમયોમાં અસંખ્ય લોકાકાશના પ્રદેશો તુલ્ય અધ્યવસાયો છે, છતાં અસત્ કલ્પનાએ ૯ મીંડા મૂકયા છે, વિશેષાધિક માટે દ્વિગુણ ન થાય ત્યાં સુધી વિશેષાધિક ગણાય છતાં અસત્ કલ્પનાથી અહિં પ્રત્યેક સમયોમાં એક એક મીંડું વધાર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મન્દવિશુદ્ધિ–ઉત્કૃષ્ટવિશુદ્ધિ—**

પ્રથમ સમયમાં આ યથાપ્રવૃત્તકરણ જે જઘન્યવિશુધ્ધિ છે તેનાં કરતાં બીજા સમયમાં જઘન્યવિશુધ્ધિ અનંતગુણ છે, તે બીજા સમય કરતાં ત્રીજા સમયની જઘન્યવિશુધ્ધિ અનંતગુણ છે, ત્રીજા સમય કરતાં ચતુર્થ સમયની જઘન્યવિશુધ્ધિ અનંતગુણ છે, એ પ્રમાણે પૂર્વ પૂર્વ સમયની જઘન્યવિશુધ્ધિથી આગળ આગળના સમયોમાં જઘન્યવિશુધ્ધિનું અનંતગુણપણું ત્યાં સુધી સમજવું કે યાવત્ યથાપ્રવૃત્તકરણકાળનો સંખ્યાતમો ભાગ વ્યતીત થાય. એ સંખ્યાતમા ભાગના છેલ્લા સમયમાં જે જઘન્યવિશુધ્ધિ છે તેના કરતાં યથાપ્રવૃત્તકરણના પ્રથમ સમયમાં ઉત્કૃષ્ટવિશુધ્ધિ અનંતગુણ છે, એ પ્રથમ સમયની ઉત્કૃષ્ટવિશુધ્ધિ કરતાં સંખ્યાતમા ભાગ પછીના પ્રથમ સમયની જઘન્યવિશુધ્ધિ અનન્તગુણ છે, તે અપેક્ષાએ યથાપ્રવૃત્તકરણના બીજા સમયની ઉત્કૃષ્ટવિશુધ્ધિ અનંતગુણી છે, તેના કરતાં સંખ્યાતમા ભાગ પછીના બીજા સમયની જઘન્યવિશુધ્ધિ અનંતગુણી, તેના કરતાં પહેલેથી ત્રીજા સમયની ઉત્કૃષ્ટવિશુધ્ધિ અનન્તગુણી કહેવી. આ પ્રમાણે એકની જઘન્ય અને એકની ઉત્કૃષ્ટ વિશુધ્ધિનું (ઉપર નીચે) અનન્તગુણપણું યાવત્ ત્યાં સુધી સમજવું કે યથાપ્રવૃત્તકરણના છેલ્લા સમયની જઘન્યવિશુધ્ધિ આવે. હવે એ યથાપ્રવૃત્તના છેલ્લા એક સંખ્યાતમા ભાગની ઉત્કૃષ્ટ વિશુધ્ધિ અનુક્ત છે. તેમાં પ્રથમના સંખ્યાતમા ભાગની જઘન્ય વિશુધ્ધિની માફક પ્રત્યેક સમયે ઉત્તરોત્તર અનન્તગુણ વિશુધ્ધિ કહેવી. સુગમપણે સમજી શકાય તે માટે સ્થાપના—

## यथाप्रवृत्तकरण

| | જઘન્યવિશુદ્ધિ. | | ઉત્કૃષ્ટવિશુદ્ધિ. |
|---|---|---|---|
| સંખ્યાતમો ભાગ | ૧ ની જઘન્ય કરતાં | | |
| | ૨ ,, અનન્તગુણ. | | |
| | ૩ ,, ,, | | |
| | ૪ ,, ,, | | |
| | ૫ ,, ,, તે કરતાં | | ૧ ની ઉત્કૃષ્ટ અનંતગુણ, તેનાથી |
| | ૬ ,, ,, ,, | | ૨ ,, ,, ,, ,, |
| | ૭ ,, ,, ,, | | ૩ ,, ,, ,, ,, |
| | ૮ ,, ,, ,, | | ૪ ,, ,, ,, ,, |
| | ૯ ,, ,, ,, | | ૫ ,, ,, ,, ,, |
| | ૧૦ ,, ,, ,, | | ૬ ,, ,, ,, ,, |
| | ૧૧ ,, ,, ,, | | ૭ ,, ,, ,, ,, |
| | ૧૨ ,, ,, ,, | | ૮ ,, ,, ,, ,, |
| | ૧૩ ,, ,, ,, | | ૯ ,, ,, ,, ,, |
| | ૧૪ ,, ,, ,, | | ૧૦ ,, ,, ,, ,, |
| | ૧૫ ,, ,, ,, | સંખ્યાતમો ભાગ | ૧૧ ,, ,, ,, ,, |
| | | | ૧૨ ,, ,, ,, ,, |
| | | | ૧૩ ,, ,, ,, ,, |
| | | | ૧૪ ,, ,, ,, ,, |
| | | | ૧૫ ,, ,, ,, ,, |

આ પ્રમાણે 'યથાપ્રવૃત્તકરણ'નું સંક્ષિપ્ત સ્વરૂપ કહેવાયું. હવે 'અપૂર્વકરણ'નું સ્વરૂપ કહેવાય છે.

(–ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુઃખ એ શું છે?

[ સંગ્રાહક : મુનિશ્રી લક્ષ્મીસાગરજી-સમૌ ]

તમને દુઃખનો ડર લાગે છે? એને આવતું જોઇ તમને ત્રાસ થાય છે? એના સ્થાને સુખ-ની જ તમે કલ્પના કરો છો? શા માટે? દુઃખ-માં એવું ડરામણું તત્ત્વ કયું છે તેનો કદી શાંત ચિત્તે એના પર આપે વિચાર કર્યો છે ખરો? જગતના તમામ દુઃખો ત્યારે જ દુઃખો બને છે કે જ્યારે મનમાં અમુક પ્રકારનું સંવેદન થાય છે. જેઓને એ પ્રકારનું સંવેદન થતું નથી તેને માટે જગતની કોઇપણ ઘટના દુઃખરૂપ થતી નથી. જૈન શાસ્ત્રકારોએ સુખ-દુઃખને વેદનીય કર્મના ફલરૂપ બતાવ્યા છે અને વેદનીય કર્મ એ ઘાતી કર્મ નથી. મતલબ કે અમુક જાતની સમજણ ઉત્પન્ન થતાં એ જાતનાં સંવેદનોથી પર થઇ શકાય છે.

એક મનુષ્યને ધંધામાં નુકશાન થવાના સમાચાર મળતાં જ ભારે દુઃખ થાય છે તે વિચાર કરે છે કે હવે હું શું કરીશ? મારું સર્વસ્વ નષ્ટ થઇ ગયું, હવે મને કોઇ સહાય કરશે નહિં! ઓ ભગવાન! મારા માથે આ વિપત્તિ ક્યાંથી આવી પડી? તમે બચાવો, તમે મારી રક્ષા કરો

બીજા એક મનુષ્યને તેવું જ નુકશાન થાય છે, પણ તેને દુઃખ થતું નથી. તે વિચાર કરે છે કે લાભ અને નુકશાન તો જગતનો સ્વભાવ જ છે. હમેશાં લાભ થોડો જ મળે? પણ આ નુકશાન થવાથી કાંઈ મારા માટે તો બધી સારી તકો થોડી જ ચાલી ગઇ છે? કદાચ મને વધારે પુરુષાર્થી બનાવવા જ આ પ્રસંગ કેમ બન્યો ન હોય? એટલે હવે વધારે ઉત્સાહથી જ કામ કરવું. બની ગયેલાની ચિંતા કરવાથી મને લાભ થવાનો નથી. આ બંને વિચારસરણીની તુલના કર-નાર જોઇ શકશે કે જગત અને વસ્તુના ગુણ-ધર્મો વિષેના ભ્રમભરેલા ખ્યાલો જ્યાં પ્રવર્તે છે ત્યાં જ દુઃખને રહેવાનો અવકાશ છે. જ્યાં વસ્તુ વિશેની સાચી સમજણ છે ત્યાં દુઃખને ઉત્પન્ન થવાનો અવકાશ નથી, એટલે દુઃખને નિવારવાનો ઉપાય આવી સમજણ ઉત્પન્ન કરવામાં જ રહેલો છે. બંધુઓ અને બ્હેનો, જગતના નાના મોટા કોઇ પણ દુઃખથી ડરશો નહિ. તમારામાં અદ્‌ભુત શક્તિ, અદ્‌ભુત જ્ઞાન રહેલું છે; પણ તેનો તમને ખ્યાલ નથી એથી જ તમે દુઃખનો અનુભવ કરો છો. એ શક્તિ, એ જ્ઞાનનો ઉપયોગ કરો તો તમામ દુઃખો તમારા માટે નામશેષ બની જશે અને સમ-જણના સુખથી જીવન છલોછલ ઉભરાઈ જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પાવાપુરી તીર્થનો પ્રાચીન ઈતિહાસ

**આ** પવિત્ર તીર્થ કલ્યાણકભૂમિ છે કે જે શ્રી મહાવીર પ્રભુની નિર્વાણભૂમિ છે. આ તીર્થ પાવાપુરી નામથી જૈન સમાજમાં પરિચિત છે. આજ થી ૨૪૬૬ વર્ષ ઉપર શ્રી મહાવીર પ્રભુ અનેક આત્માઓને ઉપદેશ આપતાં મોક્ષમાં પધાર્યા છે. બિહાર-ઉડીસા પ્રાંતમાં બિહાર શહેરથી સાત માઇલ દક્ષિણ તરફ આ પવિત્ર ભૂમિ આવેલી છે. સ્થાન બહુ જ ચિત્તાકર્ષક, રમણીય ને શાંત હોવાથી ભાવપૂર્વક તેના ફરસન, દર્શન, પૂજનથી શ્રી મહાવીર પ્રભુના ઉચ્ચ આદર્શ અને ત્યાગનું સ્મરણ કરનાર ભવ્યાત્માઓના હૃદય પુલકિત થાય છે.

જૈનાગમોથી જણાય છે કે તે સમયે ( પ્રાચીન અપાપાપુરી ) પાવાપુરીમાં હસ્તિપાલ રાજા રાજ્ય કરતો હતો અને ત્યાંની જીર્ણ લેખશાળામાં ભગવાન મહાવીર છેલ્લું ચાતુર્માસ રહેલા હતા. કાર્તિક અમાવાસ્યા ( વર્તમાનમાં બોલાતી આસો વદિ અમાસ )ની શેષ રાત્રિના સમયે શ્રી મહાવીર પ્રભુએ બહોંતેર વર્ષનું આયુષ્ય ભોગવી નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું.

જૈનાગમોમાં એમ પણ દર્શાવેલ છે કે તે વખતે તે સ્થાનમાં સ્મરણ–ચિન્હરૂપ એક દિવ્ય સ્તૂપ નિર્વાણ મહોત્સવ કરવા આવેલા દેવોએ સ્થાપતિ કરેલું હતું, અને પ્રભુના મોટા ભાઈશ્રી નંદીવર્ધને એક ચૈત્યાલય પણ કરાવ્યું હતું પાવાપુરી ગામનું વર્તમાન મંદિર તે સ્થાનમાં બનેલ છે અને શ્રી મહાવીરસ્વામીની મૂર્તિ તેમજ ચરણપાદુકા પ્રતિષ્ઠિત થયેલ છે કે જે ગામમંદિરના નામથી પ્રસિદ્ધ છે. ગામની બહાર દક્ષિણ તરફ એક મોટું તળાવ છે, જેના મધ્ય ભાગમાં એક વિમાનાકાર મંદિર છે જેને જળમંદિર કહેવામાં આવે છે ને ત્યાં ભગવાનના દેહની અંતિમ ક્રિયા કરવામાં આવેલી હતી.

આપણા શ્વેતાંબર સમાજમાં મનાય છે કે ભગવાનના અગ્નિસંસ્કાર વખતે અસંખ્ય દેવો, મનુષ્યો એકત્ર થયેલા હતા, તેઓ ત્યાંની ભસ્મ અને માટી પવિત્ર સમજી થોડી થોડી પોતપોતાના સ્થાને લઇ ગયા હતા જેથી ત્યાં એક તળાવ જેવા મોટો ખાડો થઇ ગયો હતો.

દિગંબર સંપ્રદાય ભગવાનનો નિર્વાણસમય અને સ્થાન બીજા સ્વરૂપમાં બતાવે છે.

ભગવાનને મોક્ષે જવાનો એક માસ બાકી રહ્યો ત્યારે બિહાર પ્રાંતના પાવાપુર નામના ગામમાં પધાર્યા. પાવાપુરના વનમાં એક સરોવર હતું જેની વચમાં એક ઊંચો ટીંબો હતો. તેના ઉપર એક જગ્યાએ બેસી, શુકલધ્યાનનો પ્રારંભ કર્યો, જેના યોગથી શેષ રહેલ કર્મપ્રકૃતિઓનો સર્વથા નાશ કરીને કાર્તિક કૃષ્ણા ચૌદશની રાત્રિના છેલ્લા ભાગ અને અમાવાસ્યાની પ્રભાતે સ્વાતિ નક્ષત્રમાં ભગવાને નશ્વર મનુષ્ય શરીરને છોડી બહોંતેરમે વર્ષે નિર્વાણ પ્રાપ્ત કર્યું

( દિગંબર જૈન પંડિત કાવ્યતીર્થ શ્રીમાન્ ગજાધરલાલજીએ લખેલ "શ્રીમહાવીરસ્વામી ઔર દીવાળી"નામના પુસ્તકમાંથી )

આ તીર્થ પ્રાચીન હોવાના કારણથી શ્વેતામ્બર સંપ્રદાય અદ્યાપિ સમસ્ત તીર્થની જેમ આ પવિત્ર પાવાપુરી તીર્થની રક્ષા, દેખરેખ બરોબર કરે છે. શ્વેતાંબર શ્રી સંઘ તરફથી મેનેજર નિમવામાં આવેલ છે તે ગામનું મંદિર. જળમંદિર, સમોસરણ મંદિરો, ધર્મશાળા અને રસ્તો વગેરેનો પ્રબંધ કરે છે. આ મંદિરથી જુદું એક શ્રી મહાવીરસ્વામીનું મંદિર છે કે જે અજીમગંજનિવાસી શ્રીમતી મહેતાબકુંવર તરફથી સરોવરની ઉત્તર બાજુ બંધાવેલ છે.

**૧. ગામમંદિર**—આ મંદિર પાવાપુરી ગામની પશ્ચિમે છે કે જેની ચારે બાજુ એક મોટું કંપાઉન્ડ આવેલ છે. તેની અંદર શ્વેતાંબર સંઘની પેઢી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થભંડાર અને ધર્મશાળા છે કે જે ધર્મશાળા સુંદર છે. એક નાના ગામના મંદિરમાં કેવળ એક પરમ પવિત્ર તીર્થ સમજી દેશના સર્વ પ્રાંતીય ધાર્મિક સજ્જનોએ તે સ્થાનમાં યાત્રા કરવાવાળા ભાઇઓને માટે પોતાનો દ્રવ્યવ્યય કરેલ છે, અને વાસ્તવિક રીતે ત્યાં સેંકડો નહિ પરંતુ હજારો યાત્રાળુઓ તીર્થસેવામાં આવતાં આરામથી રહી શકે છે. મંદિરની દક્ષિણ બાજુ મુનિરાજો માટે ઉપાશ્રય બંધાવેલ છે અને આગળ એક માળની ઇમારત છે જે જૂની ધર્મશાળા નામે ઓળખાય છે કે જે નવરત્ન નામથી પ્રસિદ્ધ છે.

વર્તમાન મંદિર પાંચ ભવ્ય શિખરોવડે સુશોભિત છે ને બે માળનું છે. મંદિરનો શિલાલેખ સ્પષ્ટ એવો છે કે—" શાહજહાન બાદશાહના રાજ્યમાં વિક્રમસંવત ૧૬૯૮ વૈશાક શુદ ૫ સોમવારે ખરતર ગચ્છાચાર્ય શ્રી જિનરાજસૂરિજીના અધ્યક્ષપણા નીચે બિહારના શ્રી શ્વેતાંબર શ્રી સંઘે આ " વરવિમાનાકાર " મંદિરની પ્રતિષ્ઠા કરાવી હતી તે વખતે કમલલાભોપાધ્યાય એવં લબ્ધકીર્તિ આદિ કઇ વિદ્વાન સાધુ મુનિરાજ ત્યાં હતા. વગેરે ઉલ્લેખ તે પ્રશસ્તિમાં છે. " પ્રથમ આ શિલાલેખ વેદીની નીચે હતો ને કેટલાક વખત અગાઉ બાબુ સાહેબ પૂરણચંદજી નહાર હસ્તક તેનો ઉદ્ધાર થતાં તે ત્યાંથી કાઢી મંદિરની દિવાલ પર યોગ્ય સ્થાને સ્થાપિત કરવામાં આવેલ છે. મૂળ મંદિરમાં મધ્ય ભાગે મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની શ્વેત મૂર્તિ તેમજ જમણી બાજુ શ્રી આદિનાથ પ્રભુ, ડાબી બાજુ શ્રી શાંતિનાથ પ્રભુની શ્વેત મનોહર પ્રતિમાજી બિરાજમાન છે. બીજી ધાતુની પ્રતિમાજી ઘણી છે. જમણી તરફની વેદીમાં સં. ૧૬૪૫ વૈશાક શુદ ૩ ગુરુવાર પ્રતિષ્ઠિત વિશાળ ચરણયુગલ છે. મૂળ ગભારાની દક્ષિણ તરફની દિવાલમાં એક ગોખલીમાં સં. ૧૭૭૨ માહ શુદ ૧૩ સોમવારની પ્રતિષ્ઠિત શ્રી પુંડરીક ગણધરની ચરણપાદુકા છે. મૂળ વેદીની ડાબી બાજુ શ્રીવીર ભગવાનના અગિયાર ગણધરોની પાદુકા છે તે સં. ૧૬૯૮ની સાલની પ્રતિષ્ઠિત છે. અને તે વેદી ઉપર સં. ૧૯૧૦માં શ્રી મહેન્દ્રસૂરિની પ્રતિષ્ઠિત કરેલ શ્રી દેવર્ધિક્ષમાશ્રમણની પીળા પાષાણની સુંદર મૂર્તિ છે. મૂળ મંદિરની વચમાં વેદી ઉપર સં. ૧૬૯૮ના લેખ સહિત કસોટીના પાષાણની અતિ ભવ્ય પાદુકા બિરાજમાન છે.

મંદિરજીના ચારે ખૂણામાં ચારે શિખરના અર્ધા ભાગમાં ચાર કોટડીઓમાં પાદુકા અને મૂર્તિઓ અનેક છે, તે બધા લેખો વંચાતા વિક્રમની સત્તરમી શતાબ્દિથી વર્તમાન શતાબ્દિ પર્યંતના છે. સિવાય મંદિરમાં દિક્પાળ, ભૈરવ, શાસનદેવી આદિ પણ બિરાજમાન છે. પ્રાચીન મંદિરનો સભામંડપાદિ પ્રથમ બહુ જ સાંકડો હતો તે અજીમગંજનિવાસી બાબુ નિર્મલકુમારસિંહજી નવલખાએ હમણાં મંદિરના બહારના ભાગને વિશાળ બનાવી તેની પૂર્તિ કરી છે.

**૨. જળમંદિર**—આ સ્થાન ઉત્તમ, પવિત્ર, શાંત, મનોરમ અને ચિત્તાકર્ષક છે. વર્ષાઋતુના પ્રારંભમાં સરોવરસ્થિત કમળોના પુષ્પ, પત્રોવડે પૂર્ણ વિકાસ થાય છે તે વખતે આ સ્થાનનું દૃશ્ય એક અનોખી શોભા ધારણ કરે છે, કે તે વખતે ભાવિક આત્મા શ્રદ્ધા અને આત્મચિંતનવડે આ જળમંદિરમાં પ્રવેશ કરતાં આ દુ:ખમય સંસારને ઘડીભર ભૂલી જઇ આત્મશાંતિ અનુભવે છે.

મંદિરમાં જવા માટે શતાબ્દિ વર્ષો થયાં સરોવરના કિનારાથી એક સુંદર પુલ બનાવવામાં આવ્યો છે. આ પુલ લગભગ છશેંહ ફુટ લાંબો છે. પુલ નહોતો ત્યારે યાત્રાળુઓ નાવમાં બેસીને મંદિરજીમાં જતા હતા. મંદિર સરોવરની બરાબર મધ્યમાં હોવાથી આ પુલની આસપાસ અને મંદિરના ચારે બાજુ કમળોથી આચ્છાદિત છે.

જલમંદિરને કોઇ શિખર નથી તો પણ કેવળ ગુંબજ સહિત હોવા છતાં ઘણા દૂરથી તે દેખાય છે. મંદિરના ભીતરમાં કલકત્તાનિવાસી શેઠ જીવનદાસની સં. ૧૯૨૯ની સાલમાં બનાવેલી મકરાણા આરસની ત્રણ સુંદર વેદીઓ છે. મધ્ય વેદીમાં શ્રી મહાવીર પ્રભુની ચરણપાદુકા બિરાજમાન છે. મધ્યમ વેદીમાં પણ ચરણપાદુકા છે. તેના ઉપર કોઇ

For Private And Personal Use Only

લેખ હાલ દેખાતો નથી. એ વેદી ઉપર શ્રી મહાવીરસ્વામીની એક ધાતુની પ્રતિમા છે જેના ઉપર સં. ૧૨૬૦ જેઠ શુદ ૨ આચાર્યશ્રી અભયદેવસૂરિજીની પ્રતિષ્ઠિત પાદુકા છે, જે સ્નાત્રાદિ પૂજામાં ઉપયોગમાં લેવામાં આવે છે, કારણ કે ચરણપાદુકા સિવાય બીજી કોઇ મૂર્તિ નથી. જમણી વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીની અને ડાબી બાજુ શ્રી સુધર્માસ્વામીની ચરણપાદુકા બિરાજમાન છે, તેના ઉપર સં. ૧૯૩૫ ની સાલમાં પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ જણાય છે.

મંદિરની બહાર બંને તરફ બે ક્ષેત્રપાળ છે, અને નીચેની પ્રથમ પ્રદક્ષિણામાં એક બ્રાહ્મી, ચંદનાદિ સોળ સતીયોનો વિશાળ ચરણપટ સં.૧૯૩૧ અને બીજી સં. ૧૭૩૫ની પ્રતિષ્ઠિત શ્રી દીપવિજયજી ગણીની પાદુકા અવસ્થિત છે. બહારની પ્રદક્ષિણામાં સં. ૧૯૫૮ની પ્રતિષ્ઠિત શ્રી જિનકુશળસૂરિજીની પાદુકા છે. મંદિરની ઉત્તર દિશામાં સરોવરમાં ઉતરવા માટે પગથિયા (સીડી) બનાવેલી છે.

**૩. શ્રી સમોસરણજી**—આ મંદિર કમ્પાઉન્ડ સહિત શુમારે સો વર્ષથી બનેલ છે. શ્રી પાવાપુરીની પૂર્વ દિશામાં આંબાના વનની પાસે એક નાનો સ્તૂપ છે તે ભગવાનના સમવસરણનું સ્થાન છે એમ લોકો કહે છે. આ સ્થાન થોડું દૂર હોવાથી શ્રી શ્વેતાંબર જૈન સંઘે સરોવરના તટ પર સમવસરણની રચના કરી છે અને મંદિર બનાવેલ છે. ગોળાકાર કમ્પાઉન્ડની ચારે બાજુ લોખંડની રેલીંગ છે અને ભૂમિથી ત્રણ પ્રાકારનો ભાવ દેખાડતા મધ્ય ભાગે એક અષ્ટકોણ સુંદરાકૃતિ મંદિર બનાવેલ છે તેની પ્રતિષ્ઠા શ્રી શ્વેતાંબર જૈન સંઘે સં. ૧૯૫૩માં મેનેજર બિહારનિવાસી બાબુ ગોવીંદચંદજી સુચન્તી દ્વારા કરી છે. આ મંદિરની વચમાં ચતુષ્કોણ વેદી પર સં. ૧૬૪૫ વૈશાક વદ ૫ની પ્રતિષ્ઠિત શ્રીવીર પ્રભુનું ચરણયુગલ બિરાજમાન છે. આ સમવસરણ મંદિરની પાસે પશ્ચિમ દિશાએ બાબુ પૂરણચંદજી નહારની માતુશ્રી ગુલાબકુમારીની બે તળવાળી ધર્મશાળા અને ઉત્તર તરફ રાયબહાદુરસિંહજી દુધેડીયાની ધર્મશાળા છે.

**૪. બાઇ મહેતાબકુંવરનું મંદિર**—આ શ્રી મહાવીરસ્વામીનું બે તળ મંદિર, બનેલ છે. ઉપરની ભૂમિમાં ચૌમુખજી બિરાજમાન છે અને નીચે મૂળ વેદી પર શ્રી વીર ભગવાનની મૂર્તિની સાથે બીજી પાષાણ અને ધાતુની પ્રતિમાઓ છે. સાંભળવામાં આવે છે કે શ્રીમતી મહેતાબકુંવરે ( શ્રી અજીમગંજનિવાસીએ ) પોતાના દેખરેખ નીચે એ મંદિર બંધાવી સં. ૧૯૩૨ની સાલમાં પ્રતિષ્ઠા કરાવેલી છે.

અહીં કારતક શુદિ ૧ ના રોજ રથયાત્રાનો વરઘોડો નીકળે છે. આ પવિત્ર સ્થાનની એક વાર તો છેવટે શ્રદ્ધાળુએ યાત્રા કરવી જ જોઇએ. શ્રીવીર ભગવાનની નિર્વાણતિથિ એ પરદેશથી અનેક યાત્રાળુઓ આવે છે અને અન્ય દીન-દુઃખી, રોગી મનુષ્યો આવે છે તેને રહેવાનો આશ્રય નહોતો તેથી બાબુ પૂરણચંદજી નહાર કલકત્તાના સ્વર્ગવાસી પત્ની શ્રીમતી કુન્દનકુમારીના સ્મરણાર્થે એક દાનશાળા બંધાવી તેની ઉદ્ઘાટન ક્રિયા કેટલાક વર્ષ પહેલાં આગ્રાનિવાસી શ્રીયુત ચાંદમલજીના હસ્તે થઇ કે જ્યાં હાલ પટના ડીસ્ટ્રીક બોર્ડના તરફથી એક દેશી દવાખાનું ખોલવામાં આવ્યું છે અને ત્યાં સર્વેને વિના મૂલ્યે લાભ અપાય છે. *

* 'પાવાપુરીના ઇતિહાસ' હિંદી ઉપરથી અનુવાદ.

અનુવાદક—**આત્મવલ્લભ**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મ શક્તિના લાભ

( ગત વર્ષના પૃષ્ઠ ૨૯૮ થી શરૂ )

અનુ૦ **અભ્યાસી** B. A.

પુસ્તકો વાંચવાથી બુદ્ધિ વધી શકે છે, પરંતુ અધ્યાત્મ બળ અભ્યાસથી વધે છે. જેવી રીતે મેસ્મેરીઝમ કરનાર માણસ ચિત્તની એકાગ્રતાના અભ્યાસથી પોતાનું માનસિક બળ એટલું બધું વધારે છે કે તે બીજાને સહેજે પોતાને વશ કરી શકે છે, એવી જ રીતે આપણી પોતાની જાતને વશ રાખવા માટે આપણે અભ્યાસ કરવાની આવશ્યકતા છે. એ અભ્યાસ દૃઢ સંકલ્પ તથા આપણી જાત પર વિશ્વાસ રાખવાનો અભ્યાસ છે. અભ્યાસથી અવ્યક્ત મન પ્રભાવિત બને છે. એટલા માટે દરેક મનુષ્યે હંમેશા પોતાની જાત પર વિશ્વાસ રાખવાનો અભ્યાસ કરવો જોઇએ. તે માટે પ્રાતઃકાળમાં વહેલા ઊઠવાની ટેવ અતિ ઉત્તમ છે. બીજો નિયમ અધ્યાત્મશક્તિના સંચય માટે બ્રહ્મચર્યનું પાલન કરવું એ છે. ઉપનિષદ્‌માં કહ્યું છે કે–" **नायमात्मा बलहीनेन लभ्यः** " અર્થાત્ આ આત્મા બળહીનને પ્રાપ્ત થતો નથી. આધુનિક મનોવિજ્ઞાનની શોધથી એટલું તો સિદ્ધ થયું છે કે મનુષ્યની મૂળ શક્તિ કાર્યશક્તિ છે. જે માણસ એનો સંચય કરીને યોગ્ય રૂપ લઇને પ્રવાહિત કરે છે તે પોતાનું જીવન સફળ કરે છે અને જે તેને ગુમાવે છે તે કોઇ પણ કાર્ય કરવાને લાયક રહેતો નથી. એ શક્તિનો સંચય કરવાને માટે મનને હંમેશા વિષયોથી રોકતા રહેવું પડે છે. એનાથી અધ્યાત્મ શક્તિનો સંયમ–સંચય થઇ જાય છે. એના ચમત્કારિક કાર્યો અનેક મહાપુરુષોના જીવનમાં જોવામાં આવે છે. અષ્ટાવક્ર, ભીષ્મ, બુદ્ધ, શંકરાચાર્ય, રામદાસ, રામકૃષ્ણ, ગાંધીજી વિગેરે ભારતવર્ષના તથા પ્લેટો, કીટસ, ન્યુટન વિગેરે પાશ્ચાત્ય પુરુષોના જીવનમાં જોવાથી એટલું સિદ્ધ થાય છે કે મહાન્ કાર્યો કરવા માટે બ્રહ્મચર્યની પરમ આવશ્યકતા છે. વિવાહિત અને અવિવાહિત બંને પ્રકારના માણસો આ નિયમનું પાલન કરી શકે છે.

અધ્યાત્મ બળને વધારવાનો ત્રીજો નિયમ પોતાનું વચન પાળવું અને સમયની વહેંચણી કરવી એ છે. યુરોપના લોકોની માફક હિંદુસ્તાનના લોકો સમયની વહેંચણી કરતા નથી. સમયની વહેંચણી એ ભારે તપશ્ચર્યા છે. ડેન્માર્કની એક સ્ત્રીએ એક વખત કહ્યું હતું કે ભારતવાસીઓની એક તૂટી એ છે કે તેઓ પોતાનું વચન પાળવું એને કર્તવ્ય નથી માનતા. બીજાને માઠું ન લાગે એવા વિચારથી તેઓ જૂઠા વાયદા કરે છે. એથી કરીને તેઓ પોતાનું કામ વખતસર કરી શકતા નથી. આપણું વચન પાળવાનો જો આપણે યત્ન કરીએ તો આપણું અધ્યાત્મ બળ ખૂબ જ વધી જાય. વચન ન પાળવાથી આપણે આપણી જાતને ધિક્કારવી પડે છે, જેનાથી આપણી અંદર માનસિક હીનતા આવી જાય છે. આ બાબતમાં આપણે યુરોપના લોકોનું અનુકરણ કરવું જોઇએ.

ચોથો નિયમ બીજાની નિંદા ન કરવી એ છે. બીજાની નિંદા કરવાથી આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલી આધ્યાત્મિક હાનિ થાય છે તેટલી બીજી કશાથી થતી નથી, પરન્તુ એ હાનિ ઘણે ભાગે હંમેશા અપ્રત્યક્ષ રહે છે તેથી તે આપણે માટે સૌથી વધારે ઘાતક છે. સઘળા લોકો એના ભોગ બની જાય છે. મહાત્માજીએ દારૂ અને સીગારેટ પીવાના નુકશાનની તુલના કરતા એ બતાવ્યું છે કે સીગારેટ પીવી એ મનુષ્યને માટે વધારે નુકશાનકારક છે. તેનાથી થતી હાનિ પ્રત્યક્ષ નથી હોતી અને લોકો દારૂને જેટલો ખરાબ ગણે છે તેટલો એને નથી ગણતા, તેટલા માટે તેનાથી મુક્ત થવાનો સંભવ નથી. બીજાની નિંદા કરવી એ એક જાતની સીગારેટ પીવા જેવો કેફ છે, જેની ટેવ આપણી આધ્યાત્મિક શક્તિ નષ્ટ કરી દે છે. અંગ્રેજોમાં કહેવત છે કેઃ Speak not of others as you would not speak of them before themselves અર્થાત્ બીજા લોકો સંબંધી એવી વાત ન કરો કે જો તમો તેઓને ન કહી શકો. મોટા મોટા પ્રતિષ્ઠિત સમાજોમાં જોવામાં આવે છે કે જ્યાં સુધી કોઇ વ્યક્તિ હાજર હોય છે ત્યાં સુધી તેના વખાણ કરવામાં આવે છે અને એની ગેરહાજરીમાં તેની નિંદા થવા લાગે છે. બીજાની નિંદા કરતાં બચવા માટે દરેક મનુષ્યે મિતભાષી બનવાની જરૂર છે. મનુષ્યનું આયુષ્ય અધિક વિલાસ અને ભાષણથી ક્ષીણ થાય છે. વાણીનો સંયમ એ બ્રહ્મચર્ય જેટલું જ તપ છે. એ તપને લઇને માણસ અસત્યની નિંદાથી બચી શકે છે. શેકસપીયરનું એક મહત્ત્વનું વાક્ય છે કેઃ—

Give every one thy ear, but few thy voice અર્થાત્ બધાનું સાંભળો પણ ઘણું જ ઓછું બોલો. એ રીતે અધ્યાત્મ દૃષ્ટિથી પણ એ સિદ્ધાંત ઘણો મહત્ત્વનો છે. પાંચમો નિયમ અયાચકવૃત્તનું પાલન છે. બીજાના ઉપકાર નીચે રહેવું એ દરેક મનુષ્યે સૌથી વધારે ભારે માનવું જોઈએ. જે મનુષ્યની ટેવ બીજાના ઉપકાર નીચે રહેવાની હોય છે તે દુનિયામાં એક પણ મોટું કાર્ય કરી શકતો નથી. તે પોતાના આત્મામાં વિશ્વાસ રાખવાનું શીખી શકતો નથી. તેની માનસિક અવસ્થા હંમેશા નબળી રહે છે. અંગ્રેજીમાં કહેવત છે કેઃ-

A charity boy seldom prospers. જે માણસ બીજાના દાન ઉપર આધાર રાખે છે તે ભાગ્યે જ આબાદ થાય છે. જે બાળક વિદ્યોપાર્જન માટે બીજાની મદદ લે છે તેણે પોતાના મનમાં તે પૈસા પાછા આપવાનો દૃઢ સંકલ્પ કરવો જોઇએ. આ નિયમની સાથે એ પણ આવી જાય છે કે બીજા પાસેથી બની શકે ત્યાં સુધી ઉધાર લેવું ન જોઇએ. જે માણસને ઉધાર લેવાની ટેવ પડી જાય છે તે પોતાની આવક કરતાં વધારે ખરચ કરવા લાગે છે. ઉધાર લેતી વખતે પૈસા આપવા પડતા નથી તેથી એક પ્રકારની બેપરવાઇની ટેવ લોકોમાં પડી જાય છે. રૂપિયા જરૂર પાછા આપવા છે એવો દૃઢ સંકલ્પ નથી રહેતો. એ આત્મિક પતન છે અને એને લઈ તેને માનસિક કલેશ ભોગવવો પડે છે. બીજા પાસેથી કંઇ ઉધાર ન લેવું એ એક જાતનું તપ છે, જે કરવાથી આત્મશક્તિ વધે છે. આ એક નાની વાત છે છતાં જીવનમાં તેનું ઘણું મહત્ત્વ છે. છઠ્ઠો નિયમ સ્વાધ્યાય કરતા રહેવું એ છે. હંમેશા અધ્યાત્મ વિષયમાં દરેક મનુષ્યે કંઇ ને કંઈ વાંચતા રહેવું જોઇએ. આપણા વિચાર, આપણા ચારિત્ર્ય-બંધારણમાં મોટો ભાગ ભજવે છે. યોગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસિષ્ઠમાં કૈવલ્યપ્રાપ્તિના ચાર ઉપાય બતાવ્યા છેઃ–**યમ, સંતોષ, સત્સંગ અને વિચાર.** આધુનિક કાળમાં મહાત્માઓનો સત્સંગ આપણને પુસ્તકોદ્વારા સુલભ છે. તેનો આપણે લાભ લેવો જોઈએ અને તે મહાત્માઓની વાતો પર વિચાર કરવો જોઈએ. દરેક વિચાર શક્તિથી ભરેલો છે, જે યોગ્ય સમયે કાર્યરૂપે પ્રકાશિત થાય છે.

અધ્યાત્મ શક્તિનો સંચય કરવાનો સૌથી મોટો નિયમ પ્રાણીમાત્રનું કલ્યાણચિંતન છે.

**यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः।**
**तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः॥**

આ છેલ્લા નિયમમાં પહેલાંના સર્વ નિયમોનો સમાવેશ થઇ જાય છે. જેટલી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ થઇ ગઇ છે તેઓ બીજાના હૃદયમાં સ્થાન મેળવી શકયા છે તેનું કારણ એ છે કે તેઓ બીજાને પોતાની સમાન સમજતા હતા. મનુષ્યના વિચારો પ્રેમભાવથી બળવાન બને છે અને ઇર્ષ્યા, દ્વેષ તથા સ્વાર્થબુદ્ધિથી નિર્બળ બની જાય છે. એક અંગ્રેજી કહેવતનો અર્થ એ છે કે જે માણસ પોતાનું જીવન તલ્વારના બળ ઉપર ટકાવી રાખે છે તે તલ્વારથી જ પોતાનું જીવન ખોઇ બેસે છે. મન એક મહાન્ સૃષ્ટિકર્તા છે ને તે જેવો સંકલ્પ કરે છે તેવી જ પરિસ્થિતિ તૈયાર થઇ જાય છે. જે માણસને બીજાનું ભલું ચિંતવવાની ટેવ હોય છે તે ટેવના બળથી પોતાની જાતનું ભલું ચિંતવવા સ્હેજે શક્તિવાન થઇ જાય છે; પરંતુ જે માણસનું મન બીજાનું અહિત ચિંતવવામાં લાગ્યું રહે છે તે માણસ તે ટેવને લઇને પોતાની જાતનું અહિત કરવાના વિચારોને મનથી જુદા પાડી શકતો નથી. તે પોતાના મનમાં પોતાના કલ્યાણના વિચારો લાવવા અસમર્થ બની જાય છે. પછી એનો સંસાર પણ એ રીતે નિર્બળ થઇ જાય છે. બીજાનું હિતચિંતન કરવું એ આપણને સમાજમાં પ્રતિષ્ઠિત બનાવે છે તથા એનાથી જીવન સાર્થક અને સુખી બને છે. બીજાના સુખના ચિંતનથી જ મનુષ્ય ખરું સુખ મેળવે છે અને તેનો આત્મા બળવાન બને છે. પોતાના સુખના ચિંતનથી આત્મામાં નિર્બળતા આવી જાય છે અને મન હંમેશા કલેશમાં રહે છે.

## પરમપદપ્રાપ્તિ કેમ થાય?

નિર્વિકાર પરમાત્મતત્ત્વના જ્ઞાન વિના આ પરમપદને ગમે તેટલા તપ સાધન કરવા છતાં કોઇ મેળવી શકતું નથી, માટે તારે જો કર્મબંધનમાંથી મુક્તિ જોઇતી હોય, તો તેનો જ સ્વીકાર કર.

તારે જો પારમાર્થિક સુખ જોઇતું હોય તો એ પરમાત્મતત્ત્વમાં જ નિત્ય લીન રહે, તેમાં જ નિત્ય સંતુષ્ટ થા, અને તેમાં જ નિત્ય તૃપ્ત રહે.

—શ્રી કુંદકુંદાચાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિ શ્રી હરિચંદ્રવિરચિત

# ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય

સમશ્લોકી અનુવાદ (સટીક)

( અનુસંધાન પૃષ્ઠ ૨૯૦ થી શરૂ )

## સર્ગ ૧ લો.

### ભારત ક્ષેત્ર : આર્ય ખંડ

ઉપજાતિ વૃત્ત.

ત્યાં દક્ષિણે ભારત નામ ક્ષેત્ર,—
સિંચ્યે જિનેંદ્રાગમ નીર યત્ર;
પુણ્યોરૂપી ધાન્ય જ પાકનારું,
સ્વર્ગાદિ સંપત્ ફલ આપનારું. ૪૧

જે સિંધુ-ગંગા વચમાંહિ ઊંચા,
વિજ્યાર્ધ અદ્રિથી વિભક્ત થાતાં;
શ્રીના ગુરૂ ભારથકી છ-ખંડ,
થયું શું શોભા ધરતું અખંડ ! ૪૨

### ઉત્તર કોશલ દેશનું વર્ણન

ત્યાં આર્ય છે ખંડ—શું સ્વર્ગમાંથી,
ખર્યો નિરાલંબપણાથી ખંડ !
ને દેશ તો ઉત્તર કોશલ ત્યાં,
તેનું કરે મંડન સ્વપ્રભાથી. ૪૩

### સુમનોનંદની ટીકા.

**૪૧.** તે જંબૂદ્વીપની દક્ષિણે **ભાર**ત નામનું ક્ષેત્ર છે, જે ક્ષેત્રમાં જિનેશ્વરના આગમરૂપ જલનું સિંચન થતાં પુણ્યોરૂપ ધાન્ય પાકે છે, અને તે પુણ્ય-ધાન્યનું ફલ સ્વર્ગ-અપવર્ગની સંપત્તિ છે. અત્રે ક્ષેત્રનું **રૂપક** પૂરેપૂરું ઘટાવ્યું છે.

**૪૨.** જે **ભાર**તક્ષેત્ર **સિંધુ-ગં**ગાના અંતરાલમાં આવેલા **વિ**જયાર્ધ પર્વતથી વિભક્ત થાય છે, એટલે તેના છ ખંડ પડે છે. તે અંગે કવિ **ઉત્પ્રેક્ષા** કરે છે કે અખંડ શોભાવાળું તે **ભાર**તક્ષેત્ર લક્ષ્મીના ભારી ભારથી જાણે છ ખંડવાળું થયું હોયની !

૪૩. તે **ભા**રતક્ષેત્રમાં **આર્ય**ખંડ છે, તે જાણે નિરાલંબપણાને લઇ સ્વર્ગમાંથી ખરી પડેલો ખંડ હોયની ! ( **ઉત્પ્રેક્ષા** ) અને તે આર્યાવર્ત્તના તિલકરૂપ **ઉત્તર કોશલ** નામનો દેશ પોતાની કાંતિવડે તેને શોભા આપે છે.

ખંડ-**શ્લેષ**: (૧) પૃથ્વીપ્રદેશ (continent); (૨) ટુકડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક પદ્માપ્સરથી લસંતા,
અસંખ્ય હિરણ્ય સુગર્ભવંતા;
અનંત પીતાંબર ધામ ચારુ,
ગ્રામો જિતે સ્વર્ગપ્રદેશ વારુ. ૪૪

યંત્રપ્રણાલીરૂપ પ્યાલીઓથી,
પુણ્ડ્રેક્ષુનો ત્યાં રસ નિત્ય પીને;
મંદાનિલે દોલિત શાલિપૂર્ણા,
જાણે ઘૂમે પૃથ્વી મદે કરીને ! ૪૫

વિસ્તારી તારા નભ રાત્રિમાં જે,
પુનઃ પુનઃ તો દિવસે પ્રમાર્જે;
તે જાસ ઉત્પુંડરીકા સરો શું,
સામ્ય સ્વ ના પ્રાપ્ત ગણે અહો ! શું ? ૪૬

૪૪. જે દેશના ગામો પણ સ્વર્ગપ્રદેશોને પોતાની રમ્યતાથી જીતે છે, (**વ્યતિરેક અલંકાર**), તે **શ્લેષ**યુક્ત વિશેષણોની ખૂબીથી સંસિદ્ધ કરે છે. તે આ પ્રમાણે:—

**અનેક પદ્માપ્સર** : (૧) અનેક પદ્મવાળા જલસરોવર.

(૨) અનેક પદ્મા–લક્ષ્મી અને અપ્સરાવાળા.

**હિરણ્યગર્ભ** : (૧) હિરણ્ય (સુવર્ણ) જેના ગર્ભમાં છે તે, જ્યાં સુવર્ણની વિપુલતા છે.

(૨) વિષ્ણુ અથવા બ્રહ્મા.

**પીતાંબર** : (૧) **पीतं अम्बरं येन,** આકાશને પી જતા, ગગનચુંબી (Sky-scraping).

(૨) **पीतं अम्बरं यस्य।** વિષ્ણુ.

વ્યતિરેક આ પ્રકારે:—

સ્વર્ગમાં તો એક પદ્મા–લક્ષ્મી હોય છે, અહીં ગામમાં અનેક પદ્માપ્સરા છે. સ્વર્ગમાં એક હિરણ્યગર્ભ છે, અહીં તો અસંખ્ય હિરણ્યગર્ભ છે. સ્વર્ગમાં એક પીતાંબર ધામ છે, અહીં તો અનંત પીતાંબર ધામ (ગગનચુંબી મહાલયો) છે. આમ ગ્રામોનું સ્વર્ગપ્રદેશોથી ચઢીઆતાપણું બતાવ્યું. અર્થ યથાસંભવ ઘટાવવો.

૪૫. જે દેશમાં,–યંત્રનાલિકાઓરૂપ પ્યાલીઓવડે ઇક્ષુરસનું નિત્ય પાન કરીને, મંદ પવનથી ઝોલા ખાતી શાલિથી ભરેલી પૃથ્વી, જાણે મદમાં આવી જઈને ઘૂમી રહી છે !—**ઉત્પ્રેક્ષા.**

આ ઉપરથી તે દેશની રસાળતા અને ફળદ્રૂપતાનું પ્રતિપાદન કર્યું.

૪૬. રાત્રિને વિષે આકાશ જે તારાનો વિસ્તાર કરી, **દિવસે** પુનઃ પુનઃ તેનું પ્રમાર્જન કરે છે–લુંછી નાંખે છે, તે માટે કવિ **ઉત્પ્રેક્ષા** કરે છે. તે દેશના ખીલેલા કમલવાળા **સરોવરો સાથે** પોતાનું સામ્ય ( સમપણું ) પ્રાપ્ત થતું નથી એમ માનીને જાણે આકાશ તેમ કરતું હોયની !

અત્રે ત્યાંના સરોવરોની સ્વચ્છતા આકાશ કરતાં પણ ચઢીયાતી છે એમ ધ્વનિત કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાળીરૂપી ઉચ્ચ ભવાં ચઢાવી,
  પૃથ્વી તળાવોરૂપ નેત્રવાળી;
શ્રી જોઇ જ્યાં વિસ્મયથી જ જાણે !
  રોમાંચ ધારે કલમો બહાને. ૪૭

ધર્માઢ્ય લોકે પ્રતિગ્રામ પાસે,
  રચેલ જ્યાં ધાન્યકૂટો પ્રભાસે;
જાણે વિસામા-ગિરિઓ રવિના,
  અસ્તાદ્રિ ને ઉદય અદ્રિ મધ્યે; ૪૮

( અપૂર્ણ )

—ડો. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

૪૭. તળાવોની પાળરૂપ ઊંચા ભવાં ચઢાવી, તળાવોરૂપ હજારો આંખવડે પૃથ્વી જે દેશનો વૈભવ જોઇને, જાણે વિસ્મયથી કલમો બ્હાને રોમાંચ ધારણ કરી રહી છે !—

**અપહ્નુતિ અને ઉત્પ્રેક્ષા.**

આમ આ શ્લોકમાં તે દેશની અતુલ સમૃદ્ધિ, તળાવોની પ્રચુરતા અને ધાન્યની વિપુલતાનો નિર્દેશ કર્યો. પૃથ્વી જાણે જીવંત સ્ત્રી હોય એવી કલ્પના અત્ર ખડી કરી છે. તે તળાવોરૂપ આંખવડે આશ્ચર્યથી જુએ છે અને કલમરૂપ રોમાંચ ધારણ કરે છે.

૪૮. જે દેશમાં ધર્મિષ્ઠ જનોએ પ્રત્યેક ગ્રામ સમીપે કરેલા ઊંચા ધાન્યના રાશિ, જાણે ઉદયાચલ અને અસ્તાચલ મધ્યે સૂર્યના વિસામા માટેના પર્વતો હોયની ! —**ઉત્પ્રેક્ષાલંકાર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધક .... ગુણત્રયી

લેખક: ચોકસી

પંથદર્શનની વિચારણામાં જ યોગીરાજ આનંદઘનજી મહારાજે 'કારણ વિના કાર્ય-સિદ્ધિ'ના બણગા ફુંકનારા કે "Castles in the air" યાને હવાઈ કિલ્લા ચણનારા માટે જે બે લીંટી ત્રીજા શ્રી સંભવજિનના સ્તવનમાં લખી છે તે આપણે વિચારી ગયા. અત્રે જે મુદ્દાની વાત લક્ષ્યમાં રાખવાની છે અને બરાબર પચાવીને જીવનમાં ઉતારવાની છે તે નિમ્ન ગાથામાં દર્શાવાઈ છે. પંથદર્શન કર્યા છતાં જો આત્મા આ જાતની ભૂમિકાને સ્પર્શી શકયો ન હોય, એ ભૂમિકા પર અચળ બન્યો ન હોય, અથવા તો એ ગુણ ત્રિપુટીમય ન થયો હોય તો કેવળ પંથદર્શન એ દર્શન માત્ર રહે છે. તેથી પ્રગતિનો પારો એક પણ ડીગ્રી આગળ જતો નથી. તેથી જ નીચેની લીંટીઓ અવધારણીય છે.

સેવન કારણ પહેલી ભૂમિકા,
**અભય–અદ્વેષ–અખેદ.**
ભય ચંચળતા હો જે પરિણામની,
દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃત્તિ હો કરતા થાકીએ,
દોષ અબોધ લખાવ.

પરિણામનું વારંવાર બદલાવવું, ઘડી-ઘડીમાં વિચારશ્રેણીનું પરિવર્તન એ આગેકૂચ કરનાર માટે ભયંકર અર્ગલા સમાન છે. એથી ધ્યેય પ્રતિ એકતારતા નથી થઇ શક્તી; અને લક્ષ્યસ્થાનવિહુણું નાવ જેમ ભરસમુદ્રમાં ઝોલા ખાય તેમ આત્મા સંસારસાગરમાં અથડાય છે. એટલે ચંચળપણું, પુનઃ પુનઃ વિચારમાળાનું ફેરફાર થવાપણું ત્યજી દેવાની જરૂર છે. વસ્તુને સિદ્ધાંત તરિકે સ્વીકારતાં પૂર્વે એને દરેક બાજુથી ચકાસી જોવી. કહેવત છે કે 'સો ગળણે ગળીને પાણી પીવું.' એટલે કે એના ગુણદોષનું યથાર્થ તોલન કરવું. એ વેળા નીતિકારનો નિમ્ન શ્લોક યાદ કરવો.

**अनारंभो हि कार्याणाम् प्रथमं बुद्धिलक्षणम् ।**
**आरंभस्यान्तगमनम् द्वितीयं बुद्धिलक्षणम् ॥**

પણ પ્રજ્ઞાના કાંટે એ બરાબર ઉતરે એટલે પછી તો એની પાછળ શ્રદ્ધાથી વળગી પડવાનું જ હોય. વારંવારના પલ્ટા ન જ શોભે. સિદ્ધાન્ત નિશ્ચિત થયો એટલે પછી એ ધ્રુવતારા સમ નિશ્ચય રહેવો જોઇએ. તેથી યોગીરાજ ઠીક કહે છે કે એ ચંચળતા ખંખેરી નાંખી, એના કણમાત્રને હવામાં ફુંક મારી આત્માએ નિર્ભીક બનવાનું છે. અભય યાને નિર્ભયતા એ આત્મશ્રેયના પથિક માટે મહાન્ ગુણ છે. એનું પાલન કરવાથી નિતાંત પ્રગતિ જ થાય છે. અલબત્ત, પરિષહની પરંપરાનો કે કષ્ટોની હારમાળાનો સામનો કરવો પડે છે, છતાં પગલે પગલે સધાતી ઋદ્ધિસિદ્ધિના આનંદ આગળ એનું કંઇ જ લેખું નથી.

આમ 'અભય' ગુણની સ્થાપના કરી બીજા તરફ અંગુલિનિર્દેશ કરે છે તેનું નામ 'અદ્વેષ' છે. પોતે જ વ્યાખ્યા બાંધી આપે છે. રુચિ એટલે પૂર્ણ તન્મયતા. પૂરેપૂરો સદ્ભાવ. જ્યાં એનો અભાવ ત્યાં સ્હેજે અરુચિ પ્રગટે. એ અરોચક દશાને જ અહિં દ્વેષ તરિકે ઓળખાવવામાં આવેલ છે. એ વૃત્તિને સદંતર છોડી દઇ 'અદ્વેષ' ગુણનું અવલંબન લેવાની સૂચના કરવામાં આવી છે. એ પાછળનો ભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરા ઊંડી નજરે જોવાય તો એની વાસ્તવિકતાના દર્શન તો સહજ છે.

આત્મા જો પુદ્ગલના વિવિધ સ્વભાવોનો અભ્યાસ કરે, આઠ કર્મોની વિચિત્ર લીલા અને આશ્ચર્યકારી જાળગુંથણીના ધાગાનો તાગ કાઢવા કટિબદ્ધ થાય તો એને તરતજ જણાશે કે પૃથ્વીતળ પરના ભિન્ન ભિન્ન માનવીઓની રંગબેરંગી પ્રવૃત્તિઓ એ તો મદારીના દોરી-સંચારથી થતી માંકડાની રમતમાત્ર છે. અને કેવળ માનવીઓ જ શા માટે પશુ-પક્ષી અને કીટકમાત્રથી ભરેલી ચોરાશી લક્ષ યોનિમય સારી જીવસૃષ્ટિ જ કર્મરાજે ગોઠવેલા અદ્ભુત તંત્રમાં જાતજાતના પાઠ ભજવે છે. શાંતચિત્તે મહાત્માશ્રી સિદ્ધર્ષિ મહારાજપ્રણીત ' ઉપમિતિ ભવપ્રપંચ કથા ' વાંચો-વિચારો-મનન કરો એટલે સચોટ ખાત્રી થશે કે આ બધું-**'નટનાગર કી બાજી જાણે ન દુનિયા કાજી'** જેવું વિલક્ષણ છે એટલે જ એ પર અરુચિનું પ્રયોજન નથી. દ્વેષ ધરવાથી કે એ પ્રત્યે સુગ દાખવવાથી એમાં તળમાત્રનો સુધારો થાય તેમ નથી. સાચો રાહ તો અરોચકભાવને તિલાંજલી દઇ, અભય ને અદ્વેષની જોડી સાથમાં રાખી આગેકદમ કરવાનો છે. એટલે ત્રીજો ગુણ અખેદ આપોઆપ આવી મળશે, કેમકે પ્રવૃત્તિમય જીવન જીવતાં વા નિવૃત્તિ માર્ગ પ્રાંત દોરી જતી ક્રિયાઓ આચરતાં થાક લાગવાનો સંભવ સહજ છે. પણ જ્યાં સુધી સંપૂર્ણ નિવૃત્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કેવળ હાથ જોડીને બેસી રહેવામાં કંઈ સાર નથી. નિવૃત્તિપોષક કરણીમાં જોડાયા રહેવાની જરૂર છે જ. તેટલા સારુ ચેતવણી આપવામાં આવી છે કે ખેદ યાને કંટાળો કે નિરસભાવ ન ધરતાં અખેદ વૃત્તિ ધારણ કરવી. જો આ ત્રિપુટીને પૂર્ણપણે વળગી રહેવાય તો આત્મા અવશ્ય પ્રગતિના પંથે કૂચ કર્યો જાય છે.

અલબત્ત, એટલું તો સાચું જ છે કે જ્યાં સુધી જીવ શુક્લપક્ષીઓ થતો નથી અને છેલ્લું કરણ ( અનિવૃત્તિકરણ ) કરતો નથી ત્યાં સુધી એના સંસારભ્રમણની મર્યાદા અને સાચા સમ્યક્ત્વની રેખા બંધાતી નથી જ. એ થવામાં ભવસ્થિતિનો પાક થવાની જરૂર રહે છે જ. પણ એ સર્વ વીતરાગ પ્રભુના પ્રવચનની પ્રાપ્તિ થવાથી અને દોષદૃષ્ટિને પાણીચું પકડાવી શુદ્ધ નજરે એનું અવગાહન કરવાથી સરળ બને છે. તેથી તો યોગીરાજે એના અનુસંધાનમાં ' પરિચયપાતક 'વાળી લીંટી ટાંકી ' ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત ' જેવી મહત્ત્વની વાત પર ભાર મૂક્યો છે.

અત્રે પેલી ' કારણ વિન કારજ સાધીયે ' એવી જે અન્ય દર્શનોની આગળ પડતી દલીલ સામે લાલ બત્તી ધરેલી છે. જો આ જાતનું ' રેડ સીગ્નલ ' ન ધરાય તો આત્મા લક્ષ્યથી ચલિત થઇ, વાદવિવાદની જાળમાં અટવાઇ જઇ, ઘાણીના બેલની માફક સારોયે દિ' ફર્યા કરે છતાં જેમ એના નસિબે કેવળ ગોળ ચક્રાવો રહે છે તેના જેવું થાય એટલે કે એની આગે કૂચ અટકી જાય. હતા ત્યાંના ત્યાં જેવી સ્થિતિ કાયમ રહે.

સંભવનાથ પ્રભુનું નામ જ સંભવ યાને Possibility સૂચક છે એટલે તેમના નામથી અંકિત સ્તવનની પૂર્ણતા કરતાં શ્રીમદ્ આનંદઘનજી મુગ્ધ જીવોને ઉપરના ત્રણે ગુણોનું દૃઢ અવલંબન ગ્રહણ કરી સેવનકાર્ય ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પગદંડીના પ્રશ્નો

### જ્યારે કોઇ સાંભળતું નથી—

ભૂતકાળનો ઇતિહાસ અને આધુનિક જૈન જગત્-આ બે વસ્તુનું બારીકાઇથી અવલોકન કરવામાં આવે તો આપણે તરત જાણી શકીએ છીએ કે એક વખત જ્યાં જૈનોનું પ્રભુત્વ હતું, એક વખત જ્યાં હજારો જૈનો વસતા હતા ત્યાં આજે જૈન વસ્તી નહિવત્ બની ગઇ છે, બલ્કે કેટલાક સ્થાનોમાં તો આજે જૈન વસ્તીનું અસ્તિત્વ પણ રહેવા પામ્યું નથી, અને એવા સ્થાનોમાં એક વખત હજારો ભાવિક જૈનોથી ઉભરાતાં જિનાલયો પણ આજે સુમશામ સ્થિતિમાં એકલા-અટુલા ઊભા છે.

આવી રીતે જૈન વસ્તીવિહોણા થએલા સ્થાનોનો પોકાર પણ જૈન પ્રજાને કાને એકથી અનેક વખત કરવામાં આવ્યો છે. બિહાર, મારવાડ, દક્ષિણ, યુ. પી. અને બંગાળ-મેવાડમાં આવા અનેક સ્થાનો છે, પરંતુ આ સઘળો પોકાર કોઇ સુણતું નથી, પોકારના નિવારણનો માર્ગ કોઇ વિચારતું નથી, અને કદાચ કોઇ આ બાબતમાં રસ લેતો પ્રવાસી આવા કોઇ જૈન-વસ્તીવિહોણા સ્થાને જઇ ચઢે છે તો તે સ્થળની ઉપલક નોંધ લઇ જનતા સમક્ષ રજૂ કરે છે અને ત્યાં પોતાની ફરજ પૂરી થએલ માની લે છે.

આ ફરિયાદને પહોંચી વળવાનો પ્રશ્ન દિવસે દિવસે ગંભીર થતો જાય છે. સમસ્ત જૈન સમાજે એક વખત એકત્ર થઇને આ વસ્તુ પૂર્ણ ગવેષણાપૂર્વક વિચારવી ઘટે છે. અને વિચારણા બાદ બને તેટલા વેગથી એ કાર્ય અપનાવી લેવાની પણ અનિવાર્ય અગત્ય છે.

### અવગણના પાલવે તેમ નથી—

જૈન સમાજ આજે જે અસંગઠિત સ્થિતિમાં જીવે છે અને તેની શક્તિઓ પોતપોતાના મતવાડાઓના સમર્થનમાં ખર્ચવાની ધૂન હજુ જીવતી-જાગતી છે ત્યાં સુધી સમસ્ત સમાજના સર્વ-સામાન્ય વિકાસના કે હિતના પ્રશ્નો, સારોયે જૈન સંઘ એક જ છાયા નીચે બેસીને વિચારે એ શુભ દિવસ હજુ દૂર છે. અને એ દિવસની રાહ જોઇ જૈનોની ઘટતી જતી સંખ્યાનો પ્રશ્ન છેક અવગણી નાખવો હવે પાલવે તેમ નથી. આજે તો આ પ્રશ્નને અપનાવવા માટે વ્યક્તિગત પ્રયાસો શરૂ થઇ જવા જોઇએ અને બને તો જે સંસ્થાઓ આ પ્રશ્નમાં રસ લઇ શકે તેમ હોય તે સંસ્થાઓએ પણ પોતાનાથી બનતો ફાળો નોંધાવવો જોઇએ.

### વિકાસના માર્ગો—

સમાજના સંખ્યા, વિકાસ કે જૈન સંસ્કાર-વૃદ્ધિનું કાર્ય એક રીતે પ્રચારનું છે. સ્થળે-સ્થળની સ્થિતિનું અવલોકન કરવું, એ સ્થાનનો ભૂતકાળ શોધવો, આધુનિક સંયોગો વચ્ચે ત્યાં જૈન-સિદ્ધાન્તના પ્રચાર માટે કયા કયા માર્ગો શકય છે તેનું તારતમ્ય કાઢવું વિગેરે કાર્યો શરૂ કરવા જોઇએ. આ દરેક કાર્યો તે તે સ્થાનોમાં

---

રાખવાનું ભારપૂર્વક કહે છે. એ પ્રકારની 'સેવા' અનુપમ છે એમ જણાવે છે. એનાથી કાર્યસિદ્ધિ કેવા પ્રકારની થશે એ વાત પર સાધકને ઝાઝું વિમાસવાપણું ન હોય—

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।'

એ ગીતાના વાકયની જાણે પૂર્તિ ન કરતાં હોય તેમ ભક્તિપૂર્ણ હૃદયે એટલું જ યાચે છે કે—

**—હેજો કદાચિત સેવક યાચના—**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચવા સિવાય બની ન શકે તે માટે પ્રચારકો કે સંશોધકો રોકવા અને તેમની દ્વારા આ કાર્ય સાધવું એ એક માર્ગ છે. આપણી પૂજ્ય સાધુ-સંસ્થાનો એ દિશામાં વિહાર લંબાવવાની જરૂર છે. સામાન્ય રીતે જૈન-ધર્મના પ્રચારનું સુકાન આપણી શ્રમણ સંસ્થાના હાથમાં છે. તેઓશ્રી પોતાના વિહાર દરમિયાન હજારો જનતાને ધર્મોપદેશ આપી આત્મકલ્યાણના માર્ગે વાળી શકે છે. એમ કરવાની તેમની પાસે દરેક સગવડ છે. અને ધારે તો સારાયે જૈન જગતને પૂર્વકાળની જાહોજલાલીની કક્ષાએ મૂકી શકે તેમ છે. ભૂતકાળનો ઇતિહાસ પણ અનેક જૈનાચાર્યોએ પોતાની અજબ શક્તિથી જૈનોની સંખ્યા વધાર્યાના, જૈનોનો વિકાસ કર્યાના અનેક દૃષ્ટાન્તો પૂરા પાડે છે. એટલે કે જૈન-જગતની ઉન્નતિ માટેનું આ કાર્ય પૂજ્ય મુનિસમાજ માટે નવું નથી, પરંતુ તે ભૂલી જવાયું છે.

માત્ર જૈનોથી જ ઉભરાતા પ્રદેશમાં વિચરવાનું બંધ કરી, આપણો પૂજ્ય સાધુ સમાજ આવા જરૂરી ક્ષેત્રમાં વિચરે અને પોતાના વિહારના અનુભવો સમાજ સમક્ષ મૂકે તો એ રીતે સમાજ ઘણું મેળવી શકે તેમ છે. ચાતુર્માસ પૂર્ણ થયું છે એટલે વિહારની શરૂઆતમાં આ વસ્તુ ખાસ વિચારવા જેવી છે. સારોએ સાધુ સમાજ આ અગત્યના કાર્યથી દૂર છે તેમ કહી શકાય નહિ. પરવાર જાતિના ઉધ્ધાર માટે યુ. પી. આદિ પ્રદેશમાં આપણા પૂજ્ય મુનિ મહારાજો વિચરતા થયાની વાત આપણે જાણીએ છીએ. સરાક જાતિના ઉધ્ધાર માટે બિહારમાં પણ વિચરતાં સાધુઓના વર્તમાન આપણાથી અજાણ્યા નથી. પંજાબ, સિંધ વગેરે વિકટ દેશોમાં પણ જૈન ધર્મના પ્રચાર માટેના પ્રયાસો થઇ રહ્યા છે અને એ દિશામાં આપણા સાધુ સમાજની દૃષ્ટિ વળતી આવે છે તે ખુશીનો પ્રસંગ છે.

એમ છતાં આ ઉઘડતી જતી દૃષ્ટિને અંગે એક વસ્તુ આપણે જરૂર વિચારવી ઘટે, અને તે એ કે આવા પ્રયાસોને વ્યક્તિગત પ્રયાસ માની જ્યાં એક સમુદાય કે સંઘાડાનો પ્રયાસ થતો હોય ત્યાં બીજો સંઘાડો પ્રયાસ કરતો નથી. આ એક રીતે આપણી ટૂંકી દૃષ્ટિ ગણાય અને તે ટૂંકી દૃષ્ટિ આવા કાર્યોના પરિણામને ફુલવાફાલવા દેતું નથી. એ સુંદર પ્રયાસોનો વિકાસ અટકી જાય છે. સમસ્ત જૈન સમાજનું સર્વસામાન્ય કાર્ય બહુ જ ટૂંકા ક્ષેત્રનું બની રહે છે. કાર્ય કરનાર અને કાર્ય કરવાને સમર્થ છે તે દરેક મુનિમહારાજ આ જાતનું કાર્ય પોતાનું છે અને કોઇ એક જ સંઘાડાનું કે સમુદાયનું નથી એમ માનીને આ ક્ષેત્રમાં પોતાનો પ્રયાસ લંબાવે તે જરૂર આવકારદાયક ગણાય.


## એકની એક દિશામાં--

આ કાર્યને અંગે એક બીજો મુદ્દો એ પણ વિચારવા જેવો છે કે ફીરકાભેદની ગંધ કેટલીક વખત આવા કાર્યોમાં દેખાય છે. યુ. પી. માં જૈન ધર્મના વિકાસને ઘણું સ્થાન છે, એમ છતાં એક ફીરકાએ કરેલા કાર્યને બીજા ફીરકાએ તોડી પાડવાના પ્રયાસો કર્યાની દુઃખદ વાતો સમાજ સમક્ષ આવી છે. અને પરસ્પરના ખંડનને અંગે એ પ્રદેશમાં સાધવા જેટલું સાધી શકાયું નથી.

બિહારમાં હવે. સમાજે સરાક જાતિના ઉધ્ધારનું કાર્ય શરૂ કરવા પછી ત્યાં દિગમ્બર સમાજે એની એ દિશા અને એ જ ક્ષેત્રમાં સરાકજાતિના ઉધ્ધારનું કાર્ય શરૂ કર્યું છે. જો કે આ શરૂઆત પછી ઉભય ફીરકાના ગંભીર ઘર્ષણના સમાચાર હજુ બહાર આવ્યા નથી, પરંતુ ફીરકા મમત્વનો ઝેરી વાયુ અર્થ વિનાના ઘર્ષણો ક્યારે ઊભા કરશે એ કહેવાય નહિ. એટલે વધારે સારુ તો એ છે કે એક ફીરકાએ જ્યારે આ ક્ષેત્રમાં પ્રયાસ શરૂ કર્યો હોય ત્યારે બીજા ફીરકાનો પ્રયાસ બીજી દશામાં શરૂ રહે. પરિણામે સુંદર ફળની આશા ઉભયને રહે અને સામસામા ખોટી રીતે શક્તિનો વ્યય ન થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## શ્રીમદ્વિજયવલ્લભસૂરિ જન્મ-દિવસ

### રાયકોટ ( પંજાબ )

અત્રે પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજનો જન્મદિવસ મહોત્સવ કા. શુ. ૨ તા. ૧૩-૧૧-૩૯ સોમવારના ઉજવવામાં આવતા પ્રભાતફેરી કરવામાં આવી. ત્યારબાદ સવારે નવ વાગતાં લાલા કુંદનલાલજી સાહેબ સરાફ અગ્રવાલની અધ્યક્ષતામાં જાહેર સભા ભરવામાં આવી. હુશીયારપુર અને લુધીયાનાની ભજનમંડલીયોના મનોહર ભજનો થયા બાદ શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળના વિદ્યાર્થી પૃથ્વીરાજજીએ હિન્દી સંક્ષિપ્ત જીવનચરિત્ર વાંચી સંભળાવીને પોતાના મનનીય વિચારો સભા સમક્ષ રજૂ કર્યા હતા. પંડિત હંસરાજજી શાસ્ત્રીજીએ ઘણું જ સુંદર આચાર્યશ્રીજીના જીવન વિષયક ભાષણ આપ્યું અને વિશેષમાં જણાવ્યું કે મેં આચાર્યશ્રીજીની સેવામાં ૧૫-૧૬ વર્ષ રહી ઘણો જ સારો અનુભવ મેળવ્યો છે. મારા ઉપર જૈન ધર્મની છાપ પાડનાર એઓશ્રીજી જ છે. ભજન મંડલિયોના ચિત્તાકર્ષક ભજનો થયા બાદ આચાર્યશ્રીજીના શુભ નામના જયકાર સાથે સભા વિસર્જન થઇ. બાદ મોદકની પ્રભાવના કરવામાં આવી હતી.

આચાર્યશ્રીજીના જન્મદિવસની ખુશાલીમાં બપોરે ગરિબોને મીઠા ભાત આપવામાં આવેલ. એનો હજારો ગરીબોએ લાભ લીધો હતો.

સાંજરે લાલા તારાચંદજી સાહેબ સરાફ અગ્રવાલની અધ્યક્ષતામાં ખુલ્લા મેદાનમાં વિરાટ સભા ભરવામાં આવી. ભજન મંડલીઓના મનોરંજન ભજનો થયા બાદ પંડિત સુરેન્દ્રમોહનજી અને પંડિત હંસરાજજી શાસ્ત્રીના મનોહર ભાષણો થયા.

આ સભામાં પંજાબ, ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ આદિના દેશોના આવેલા શુભ સંદેશાના તારો વંચાવવામાં આવેલ. આચાર્યશ્રીજીની દીર્ઘાયુ ઇચ્છી સભા વિસર્જન થઈ.

આવી જ રીતે પંજાબના ગુજરાંવાલા-અંબાલા-જીરા-કસુર-માલેરકોટલા-જંડીયાલા વિગેરે નગરોમાં ઠામઠામ વલ્લભસૂરિ જન્મદિવસ ઘણા જ સમારોહથી ઉજવાયો.

મારવાડ-મેવાડ-ગુજરાત આદિમાં પણ ઘણે ઠેકાણે આડંબરપૂર્વક ઉજવાયો હતો.

### કેકડી ( અજમેર )

શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજસાહેબનો ૬૯ મો જન્મદિન સમારોહપૂર્વક ઉજવાયો. (૧) શ્રીશ્વેતાંબર જૈન સ્યાદ્વાદ મહાવિદ્યાલયમાં રજા રાખવામાં આવી. (૨) શ્રી મહાવીરસ્વામી તથા શ્રી ચંદ્રપ્રભસ્વામી મહારાજના મંદિરોમાં પૂજા ભણાવવામાં આવી. (૩) રાત્રિના પં. શંકરલાલજી ત્રિપાઠી વાઇસ ચેરમેન, મ્યુનિસિપલ કેકડી;ના અધ્યક્ષપણા નીચે સભા ભરાઇ, જેમાં ઉત્સવનાયકના જીવનના આદર્શવિષયક પ્રભાવશાલી ભાષણો થયાં અને પછી સૂરિજીની સેવામાં અભિનંદનપત્ર મોકલવાનો પ્રસ્તાવ શ્રી સંઘે પસાર કર્યો.

### વરકાણા

શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીની જન્મ જયંતિ નિમિત્તે વરકાણામાં જૈન વિદ્યાલય તરફથી ઉત્સવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**મારી સિંધયાત્રા**—લેખક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ. સિંધ દેશમાં મુનિ મહારાજાઓનું ચોમાસું ખાસ થયું હોય તેમ જાણવામાં નથી, કારણકે ગુજરાત–કાઠિયાવાડમાંથી વિહાર કરવાનો એ વિકટ માર્ગ છે. એવા વિકટ માર્ગની મુશ્કેલીઓને પસાર કરી વિદ્વાન મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે સિંધ દેશના મુખ્ય શહેર કરાંચીમાં પોતાના પરિવાર મંડળ સાથે ચાતુર્માસ કર્યું. ઉપદેશ આપી જનસમાજ ઉપર ઉપકાર પણ કર્યો ત્યારબાદ શરીરે અસાધારણ બિમારી થતાં માંદગીને બીછાને પડ્યા અને ડૉકટરોની સલાહથી આરામેશ અને શાંતિ લેવાની સૂચના મળી. તે દરમ્યાન સિંધ દેશ પહોંચતા વિહારનું ઐતિહાસિક અને ભૌગોલિક વર્ણન વિ. નું આ પુસ્તકમાં કથન કરેલું છે તથા સિંધમાં વસ્તી કોમોનો ઇતિહાસ પણ આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે. ત્યારબાદ આ ગ્રંથમા મહારાજશ્રીની ઉપકારક પ્રવૃત્તિનું વર્ણન છે. અજૈન વર્ગ મોટો ભાગ અહીં માંસાહારી છે તેને તે બદીમાંથી અટકાવવા અને જીવદયાને પળાવવા માટે ત્યાગી મહાત્માઓને માટે ક્ષેત્ર ઘણું જ સુંદર છે. કરાંચી સિવાય બીજે ઠેકાણે જૈનોની વસ્તી નહિ જેવી સહેજ છે. જનસમાજ ઉપર ઉપકાર કરવા જેવો આ સીંધ પ્રદેશ છે. કરાંચીના ભાવિક જૈનોએ મહારાજશ્રીના ચાતુર્માસનો ભાવનાપૂર્વક સારો લાભ લીધો છે અને મહારાજશ્રીની પ્રવૃત્તિએ ત્યાં જૈન દર્શનમાં કેટલો વધારો કર્યો છે તે આ બુકમાં આપવામાં આવેલ છે. સિંધમાં આવનાર મુનિમહારાજો માટે ત્યાં આવવાના કયા કયા માર્ગો છે તેનો નકશો અને મંદિર વિગેરેના ફોટાઓ વિગેરે આપીને સિંધ દેશયાત્રા પ્રવાસ વર્ણનના આ દળદાર ગ્રંથને વાંચવા ભલામણ કરીએ છીએ. પ્રકાશક દીપચંદ બાંઠીઆ, મંત્રી શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, છોટા સરાફા–ઉજજૈન ( માળવા ). કિંમત અઢી રૂપીયા.

---

ઉજવવામાં આવતાં વરકાણા ઠાકોર સાહેબ શ્રીમાન ભેરૂસિંહના અધ્યક્ષપદે એક મીટીંગ સવારના સાડા નવ વાગે વિદ્યાલયના હોલમાં થઇ હતી. બોર્ડીંગ સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી સંપતરાયજી, શ્રીયુત્ જીવણલાલજી, શ્રી રતનચંદજી તથા પંડિત ભાગવતજી શર્માદ્વારા ઉત્સવ નાયકના જીવનપરિચય બાદ પંડિત રામકુમારજીએ સૂરિજીના જીવનમાંથી બાળપણના ઉચ્ચ વિચારો, દૃઢ નિશ્ચય, સેવાની ધગશ, જૈનત્વનું અભિમાન, પંજાબની રક્ષા, મારવાડનો ઉદ્ધાર વગેરે સ્વાનુભવની વાતો કહી હતી. વિદ્યાર્થીઓના કીર્તન અને હેડમાસ્તરના આભારદર્શન બાદ બેન્ડની સલામી સાથે મીટીંગનો કાર્યક્રમ પૂરો થયો હતો. બપોરના બે વાગે ઉત્સવનાયકના ફોટા સાથે એક સરઘસ વિદ્યાલયમાંથી ચઢ્યું હતું. આજના ઉત્સવની ઘોષણા કરતું સરઘસ જૈન મંદિરે પહોંચ્યું, જ્યાં વિદ્યાલય તરફથી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી.

બીજોવા વિગેરે પાસેના ગામમાં જૈન બંધુઓએ સારી સંખ્યામાં ગુરુભકિતનો લાભ લીધો હતો. એક સજ્જન તરફથી વિદ્યાલયમાં પ્રભાવના તથા મિષ્ટ ભોજન આપવામાં આવેલ.

**આસપુર**

કાર્તિક શુદિ ૨ સોમવારના શ્રી આત્માનંદ ભુવનમાં સમસ્ત સંઘે એકત્રિત થઇ ઉપકારી જૈનાચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો જન્મદિન ઘણા જ સમારોહ સાથે ઉજવ્યો હતો. તારાવત નિહાલચંદજીએ ગુરુદેવના જીવનચરિત્રના પરિચય સાથે મહાન પુરુષની કૃતિયોના દૃષ્ટાંત જીવનમાં ઉતારવાને સ્ફુટ રીતે સમજાવી ઉપકારી ગુરુદેવની ગુંહલી ગાયા બાદ શ્રી આત્માનંદ પુસ્તકાલયનો વાર્ષિક રિપોર્ટ વગેરે વંચાયા બાદ સભા વિસર્જન થઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### " શ્રી આત્માનંદ પ્રકાશ " માસિકના લેખકોને નમ્ર વિનંતિ.

સને ૧૯૪૦ ના વર્ષથી એટલે કે આવતા જાનેવારી માસથી શ્રી આત્માનંદ પ્રકાશ પોસ્ટખાતા તરફથી નક્કી થયેલી દરમહિનાની વીસમી તારીખે આખા વર્ષ માટે પ્રગટ થશે જેથી દર માસની આઠમી તારીખ સુધીમાં લેખો મોકલી આપવા કૃપા કરવી.

### અમારા માનવંતા ગ્રાહકોને નમ્ર સૂચના.

આવતા ( જાનેવારી ) માસથી આખા વર્ષ માટે દરમહિનાની ( પાંચમી તારીખને બદલે ) વીસમી તારીખે **શ્રી આત્માનંદ પ્રકાશ માસિક** પ્રગટ થશે તે જણાવવા રજા લઇએ છીએ.

---

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો **જૈન સમાજ** અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટા ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

### નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત
૨ ઉપદેશમાળા–શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા
૩ શ્રી નિશિથ ચૂર્ણિસૂત્ર ભાષ્ય સહિત.

---

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ ) २ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्टो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्पसूत्र भाग ६

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

**"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦॥= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦= |
| શ્રી દંડક વૃત્તિ | ૦॥ |
| શ્રી નય માર્ગદર્શક | ૦॥= |
| શ્રી હંસવિનોદ | ૦॥। |
| કુમાર વિહારશતક | ૧॥ |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦॥ |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦॥। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦॥।= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦= |
| શ્રી આત્મપ્રબોધ | ૨॥ |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦॥ |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦॥ |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।- |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦॥ |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧॥ |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨॥ |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨॥ |
| શ્રી આચારોપદેશ | ૦॥ |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧॥। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦= |
| કુમારપાળપ્રતિબોધ | ૩॥। |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦॥।= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧॥। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧॥। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨॥ |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦॥= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)॥ |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| ,, ,, ,, રેશમી પુઠું | ૨॥ |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧॥ |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| ,, સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦॥। |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦॥= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

**લખો:-શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only